સુવિચાર
"દુનિયાને ચોખ્ખી કરવાં જતાં પહેલાં આપણાં ચશ્મા પરની ધૂળ આપણે ખંખેરવી જોઈએ."
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૭/૦૬/૨૦૨૬, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવંત ૨૦૮૨ અ. જેઠ વદ-૭ વર્ષ : ૧૭ અંક : ૧૪૯

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

## હાઈ વોલ્ટેજ ડ્રામા વચ્ચે ફાઉન્ડર અભિજિત દિપકેનું અમેરિકાથી થયું આગમન

# દિલ્હીમાં કોકરોચ જનતા પાર્ટીનાં ધરણામાં યુવાનોની ભીડ ઉમટી

**નીટ, સીબીએસસી સહિતની પરીક્ષાનાં પેપરલીક થયા બાદ દેશભરનાં યુવાનોમાં રોષની આંધી**

**૧૫ દિવસ પહેલાં સોશ્યલ મીડિયા પર શરૂ થયેલ કોકરોચ જનતા પાર્ટીનાં ૨ કરોડ કરતાં વધુ યુવાનો સમર્થક**

**શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનનાં રાજીનામાની માંગ સાથે જંતરમંતર મેદાનમાં હજારો યુવાનો એકત્ર થયા**

**લડાખ વિસ્તારનાં ગાંધીવાદી સમાજ સેવક સોનમ વાંગચુક પણ જોડાયા**



અમરેલી, તા. ૬

દેશનાં પાટનગર દિલ્હી ખાતે આજે કોકરોચ જનતા પાર્ટીનાં સમર્થક હજારો યુવાનોએ કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનનાં રાજીનામાની માંગ સાથે જંતરમંતર મેદાનમાં ધરણા પ્રદર્શન કર્યુ હતું. જેને ગાંધીવાદી સમાજસેવી સોનમ વાંગચુકે પણ સાથે જોડાઈને સમર્થન આપેલ અને દેશ–વિદેશનાં મીડિયાની પણ હાજરી જોવા મળી હતી. દેશમાં તાજેતરમાં લેવાયેલ નીટ, સીબીએસસી સહિતની પરીક્ષાનાં પેપર લીક થયા બાદ આશાસ્પદ ૬ યુવાનોએ આત્મહત્યા કરી લેતા અને વર્તમાન સરકાર વિદ્યાર્થીઓનાં ભવિષ્ય

અનુસંધાન પાના ૨ ઉપર

### કાયદા રાજયમંત્રી કૌશિકભાઈ વેકરિયાનાં હસ્તે

## અમરેલીમાં રૂા. ૧૭ કરોડનાં ખર્ચે તૈયાર થનાર આધુનિક સંયુકત વહીવટી સંકુલનું ખાતમુહૂર્ત

**પ્રાંત કચેરી, મામલતદાર ગ્રામ્ય કચેરી અને મોડેલ સબ રજિસ્ટ્રાર ઓફિસની સેવાઓ એક જ સ્થળે**



અમરેલી, તા. ૬

અમરેલી શહેરમાં અંદાજિત રૂા. ૧૭ કરોડના ખર્ચે નિર્માણ પામનાર પ્રાંત કચેરી, મામલતદાર ગ્રામ્ય કચેરી અને મોડેલ સબ રજિસ્ટ્રાર ઓફિસના આધુનિક સંયુકત વહીવટી સંકુલનું ખાતમુહૂર્ત ઊર્જા અને કાયદો વિભાગના રાજયમંત્રી કૌશિકભાઈ વેકરિયાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ નવી કચેરીઓ કાર્યરત બન્યા બાદ શહેરી, ગ્રામ્ય તથા જિલ્લાના નાગરિકોને વિવિધ સરકારી સેવાઓ એક જ સ્થળે અને એક જ છત નીચે ઉપલબ્ધ બનશે.

વર્તમાન સમયમાં વિવિધ વહીવટી સેવાઓ માટે નાગરિકોને અલગ–અલગ કચેરીઓમાં જવું પડતું

અનુસંધાન પાના ૨ ઉપર

### વસ્તી ગણતરી કાર્યનો ઉત્સાહભેર પ્રારંભ

## બાબરા ખાતે શિક્ષકોએ ડોર ટુ ડોર જઈ નાગરિકોની માહિતી એકત્ર કરી

**વસ્તી ગણતરીની કામગીરી સુવ્યવસ્થિત રીતે આગળ વધી રહી છે**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૬

બાબરા શહેરમાં કેન્દ્ર સરકારનાં મહત્વાકાંક્ષી વસ્તી ગણતરી અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ અભિયાન અંતર્ગત

અનુસંધાન પાના ૨ ઉપર

### કેન્સર અને પેરાલીસીસે પરેશાન કરી દીધા

## બાબરા : અમરાપરાનાં આધેડે બીમારીથી કંટાળીને ગળાફાંસો ખાઈ લીધો

**સ્થાનિક વિસ્તારમાં અરેરાટીનો માહોલ**

અમરેલી, તા. ૬

બાબરાના અમરાપરાના, મફત પ્લોટ વિસ્તારમાં રહેતા મહેશભાઈ અંબારામભાઈ ચૌહાણ નામના ૪૨ વર્ષીય આધેડને છેલ્લા બારેક વર્ષથી મોઢાનુ કેન્સર હોય તેમજ ત્રણ વર્ષ પહેલા પેરાલીસીસનો આંચકો આવી જતા તેમનું અડધુ અંગ કામ કરતુ ન હોય જેથી કંટાળી જઈ ગત તા. ૫ના સવારના આશરે સાડા દશેક વાગ્યાથી બપોરના આશરે સાડા બારેક વાગ્યાના સમયગાળા દરમ્યાન કોઈપણ સમયે પોતાના ઘરે ગળાફાંસો ખાઈ લેતા તેમનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

અપોલો હોસ્પિટલ્સ–અમદાવાદના સુપર સ્પેશ્યાલીસ્ટ દ્વારા ઓપીડી
અમરેલી માં...
Apollo HOSPITALS

દર મહિનાના પહેલા બુધવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી
ડો. જતીન વખારિયા
કન્સલ્ટન્ટ ઓર્થોપેડિક્સ અને જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન
MBBS, DNB (Orthopedics), D'Ortho, FIAS

દર મહિનાના બીજા શુક્રવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી
ડો. પાર્થ જોષી
MBBS, Dr NB ન્યુરોસર્જરી, એન્ડોવાસ્ક્યુલર અને વાસ્ક્યુલર ન્યુરોસર્જરીમાં ફેલોશિપ (મણિપાલ, બેંગ્લોર)
મિનિમલી ઈન્વેસિવ અને એન્ડોસ્કોપિક સ્પાઈન સર્જન

દર મહિનાના ત્રીજા શુક્રવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી
ડો. શ્રેયા બુટાલા
MD, DM Gastro (SGPGIMS),
Consultant Gastroenterologist and Hepatologist

દર મહિનાના ત્રીજા શુક્રવારે
ડો. પ્રિતિશ શાહ
એમબીબીએસ,એમડી (મેડિસિન), ડીએનબી (નેફ્રોલોજી)
કન્સલટન્ટ નેફ્રોલોજિસ્ટ

આસ્થા હોસ્પિટલ
લિલિયા રોડ, બી.એમ. ચોક, અમરેલી, ગુજરાત-૩૬૫ ૬૦૧
*અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું અને જુના રિપોર્ટ લાવવા જરૂરી છે.
રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો : +91 8238984000 & 7698815315
અપોલો હોસ્પિટલ, અમદાવાદ
પ્લોટ નં. ૧–એ, ભાટ, જી.આઈ.ડી.સી. એસ્ટેટ, એરપોર્ટ રોડ, અમદાવાદ – ગાંધીનગર. 8401801066

ડો. જીતેન્દ્ર એ. સોલંકી
એમ.એસ.(ઓપ્થલ)
આંખના સર્જન
શિવમ્ આંખની હોસ્પિટલ
ઉપલબ્ધ સુવિધાઓ.....
• મોતીયાનાં ઓપરેશન તથા નેત્રમણી આરોપણ
• નેત્રમણી માટે ટાંકા વગરના ઓપરેશનો (ફેકો)
• આંખનાં નંબરની કોમ્પ્યુટર દ્વારા તપાસ
• કોન્ટેક્ટ લેન્સ કિલનીક તથા નંબર ઉતારવા વિશે માર્ગદર્શન
• પડદાનાં રોગોની તપાસ તથા સારવાર
• આંખની રસી, ફુલુ, ચાંદાની સારવાર
• દર્દી તપાસવાની OPD નીચે ગ્રાઉન્ડ ફલોર પર
માણેકપરા, પી.પી.સોજીત્રા સાહેબનાં બંગલાની સામે, અમરેલી મો.નં. ૭૪૮૭૮ ૦૨૭૯૯

Aikyam
એકયમ ન્યુરો સાઈકિયાટ્રી હોસ્પિટલ
ઈમરજન્સી સારવાર ૨૪ કલાક ઉપલબ્ધ..
ડૉ. વિવેક જોષી M.B.(Psy) D.P.M., F.I.P.S.,M.I.A.P.P.
કન્સલ્ટીંગ ન્યુરો સાઈકિયાટ્રીસ્ટ
મગજ, માનસિક રોગો,જાતિય નબળાઇ તથા વ્યસન મુકિતનાં નિષ્ણાંત..
:: લક્ષણો ::
• ઉદાસી રોગ • ચિંતા - ટેન્શન
• મરવાના વિચાર આવવા • માથાનો દુ:ખાવો
• વિચારવાયુ • જાતિય રોગો
• વહેમ, શંકા • વ્યસનમુકિત : દારૂ,બીડી, તમાકુ, કાલા
• મંદબુદ્ધિ બાળકોની સારવાર
સ્થળ : પરમ કોમ્પલેક્ષ, બીજા માળે, ICICI બેંક પાસે, બસ સ્ટેશન રોડ, અમરેલી.
Mo. 97370 28181 | Ph. 02792-224224
મગજના ગ્રાફ (E.E.G.) ની સુવિદ્યા ઉપલબ્ધ...

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,39,400/- (૧૦ ગ્રામ)
રહેલ તા.૦૬/૦૬/૨૦૨૬ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

## શહેરને સ્માર્ટ, મોડેલ, હરિયાળુ અને આધુનિક બનાવાશે

# અમરેલી ખાતે રૂપિયા ૨૫ કરોડથી વધુનાં વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત થયું

**પાયાના માળખાકિય વિકાસ માટે કરોડો રૂપિયાનાં કામો શરૂ કરવામાં આવ્યા**

**શહેરનાં ૩ માર્ગોને આઈકોનિક માર્ગ તરીકે વિકસાવાશે**

**સ્માર્ટ સિટી અમરેલીને ચરિતાર્થ કરવા માટે વિકાસ યાત્રાનો પ્રારંભ**

**ઉર્જા રાજયમંત્રી કૌશિક વેકરિયા શહેરને સુંદર અને રળિયામણું બનાવવા મક્કમ**










અમરેલી, તા. ૬

અમરેલી શહેરના સર્વાંગી વિકાસને નવી દિશા આપતા રૂા. ૨૫ કરોડથી વધુના વિવિધ વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત ઊર્જા અને કાયદો રાજયમંત્રી કૌશિકભાઈ વેકરિયાના હસ્તે કરવામાં આવ્યું હતું. સ્વર્ણિમ જયંતિમુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત શહેરના વિવિધ વિસ્તારોમાં માર્ગ, ડ્રેનેજ અને લાઈટિંગ જેવી માળખાગત સુવિધાઓના વિકાસ માટેના કાર્યોનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના (યુપીડી–૮૮) વર્ષ ૨૦૨૫–૨૬ (ઓજી એરિયા) અંતર્ગત અમરેલી શહેરના વિવિધ વિસ્તારોમાં રૂા. ૨૦ કરોડથી વધુના ખર્ચે કોંક્રિટ રોડ, ડ્રેનેજ લાઈન અને સ્ટ્રીટલાઈટના કામો હાથ ધરવામાં આવશે. આ વિકાસકાર્યોથી શહેરની પાયાની સુવિધાઓ વધુ સુદ્રઢ બનશે તેમજ નાગરિકોને ગુણવત્તાયુકત શહેરી સુવિધાઓ ઉપલબ્ધ થશે.

આ ઉપરાંત સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના (ગૌરવ પથ) વર્ષ ૨૦૨૫–૨૬ અંતર્ગત રૂા. ૪.૭૨ કરોડના ખર્ચે અમરેલી શહેરના ત્રણ મુખ્ય માર્ગોને આઈકોનિક રોડ તરીકે વિકસાવવામાં આવશે. જેમાં સિવિલ હોસ્પિટલ રોડ, સેન્ટર પોઈન્ટથી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર તરફનો માર્ગ તેમજ ભીડભંજનથી બાયપાસ સુધીના માર્ગનો સમાવેશ થાય છે.

આ માર્ગો પર સરદાર કાંકરીની ફૂટપાથ, સુશોભન ગાર્ડન, આધુનિક લાઈટિંગ પોલ, એલ.ઈ.ડી. લાઈટસ, ટ્રી ગાર્ડ, ડિસ્પ્લે સાઈન બોર્ડ, રોડ પેઈન્ટિંગ, માર્ગદર્શક સાઈન બોર્ડ, કોન્વેકસ ગ્લાસ તેમજ હાઈમાસ્ટ ટાવર જેવી સુવિધાઓ ઊભી કરવામાં આવશે, જેના પરિણામે શહેરનું સૌંદર્ય અને ટ્રાફિક વ્યવસ્થામાં નોંધપાત્ર સુધારો થશે.

આ પ્રસંગે રાજયમંત્રી કૌશિકભાઈ વેકરિયાએ જણાવ્યું હતું કે, નાગરિકોને આપવામાં આવેલા વિકાસના વચનોને સાકાર કરવાની દિશામાં આજે મહત્વપૂર્ણ શરૂઆત થઈ છે. રાજય સરકાર, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીના માર્ગદર્શન હેઠળ અમરેલી શહેરને વિકાસ માટે ઉદાર હાથે નાણાકીય મંજૂરીઓ પ્રાપ્ત થઈ રહી છે. નવી ટીમ અમરેલી શહેરને આધુનિક, સુવિધાસભર, હરિયાળું અને સ્માર્ટ શહેર બનાવવા માટે પ્રતિબદ્ધ છે.

આ પ્રસંગે અમરેલી માર્કેટિંગ યાર્ડના પૂર્વ ચેરમેન તથા "આધુનિક અમરેલી"ના સ્વપ્નદ્રષ્ટા તરીકે જાણીતા પી.પી. સોજિત્રાએ પ્રારંભિક ઉદ્‌બોધન કરતાં જણાવ્યું હતું કે, સ્માર્ટ સિટી અમરેલીના વિઝનને સાકાર કરવા માટે રાજય સરકાર અને રાજયમંત્રીનું માર્ગદર્શન મહત્વપૂર્ણ સાબિત થશે. તેમણે શહેરના સુઆયોજિત અને દીર્ઘકાલીન વિકાસ માટે સૌના સહયોગની અપેક્ષા વ્યકત કરી હતી.

નગરપાલિકાની નવી ટીમની રચના બાદ પ્રમુખ વૈશાલીબહેન માંગરોળીયા, ઉપપ્રમુખ વિરલભાઈ પોપટ તથા કારોબારી સમિતિના ચેરમેન મૌલિકભાઈઉપાધ્યાય સહિતના હોદ્દેદારોનું અભિવાદન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ અંતર્ગત સાવરકુંડલા ચોકડી તથા સિવિલ હોસ્પિટલ નજીક પ્રતિકાત્મક ખાતમુહૂર્ત સમારોહ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં નગરપાલિકાના સભ્યઓ, અગ્રણી અતુલભાઈ કાનાણી, વિજયભાઈ ચોટલીયા, નગરપાલિકાના ચીફ ઓફિસર રાઠોડ, શહેરના અગ્રણીઓ તથા મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન દિવ્યેશ વેકરીયાએ કર્યુ હતું.

## તમે શું મારી વાતો કરો છો તેમ કહી

# અમરેલીનાં સંકુલ ચોકડી વિસ્તારમાં વૃધ્ધ અને ભત્રીજા ઉપર હુમલો

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી**

અમરેલી, તા. ૬

અમરેલીના લીલીયારોડ ઉપર આવેલ દાદા ભગવાનના મંદિર પાસે સીંમધર સોસાયટીમાં રહેતા મનસુખભાઈ માધાભાઈ ડોબરીયા નામના ૬૫ વર્ષીય વૃધ્ધ તેમના ભત્રીજા સાથે ગત તા. ૫ ના રોજ સવારના આશરે દસેક વાગ્યા દરમ્યાન અમરેલીના સંકુલ ચોકડી પાસે રામદેવ પીરના મંદિર આગળ પોતાની મોટર સાયકલ લઈને વાતો કરતા હતા. તે દરમ્યાન સામેથી કેતનભાઈ ગજેરા આરોપી તેમનું મોટર સાયકલ લઈ આવી અને વૃધ્ધને કહેવા લાગેલ કે તમે શું મારી વાતો કરો છો ? તેમ કહી ગાળો આપી મારી નાખવાથી ધમકી આપી તથા આરોપી અજયભાઈ ગજેરા તથા એક અજાણ્યા આરોપીને બોલાવી વૃધ્ધના ભત્રીજાને ખંભાના ભાગે લાકડી મારી મુંઢ ઈજા કરી છરી જેવા તીક્ષ્ણ હથિયાર વડે ઘા મારી ઓપરેશન આવે તેવી ગંભીર ઈજા કર્યાની વૃધ્ધે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

પાના ૮ ઉપરનું ચાલું **ચમારડીમાં આરોગ્ય કેન્દ્રનાં**

આવી છે.

આ અંગે આરોગ્ય મંત્રીએ જણાવ્યું હતું કે, રાજય સરકાર જનતાના કલ્યાણ અને આરોગ્ય ક્ષેત્રના માળખાગત વિકાસ માટે કરોડો રૂપિયાનો માતબર ખર્ચ કરે છે. નાગરિકોના સ્વાસ્થ્ય સાથે જોડાયેલા ભવનોના નિર્માણમાં કોઈપણ પ્રકારની બેદરકારી, ભ્રષ્ટાચાર કે ગુણવત્તા સાથેની બાંધછોડ સહેજ પણ ચલાવી લેવામાં આવશે નહીં.

તેમણે વધુમાં ઉમેર્યુ હતું કે, સરકારનો મુખ્ય ઉદ્દેશ્ય સામાન્ય નાગરિકોને મજબૂત, સુરક્ષિત અને શ્રેષ્ઠ આરોગ્ય સુવિધાઓ આપવાનો છે. જાહેર નાણાંનો એક–એક રૂપિયો યોગ્ય જગ્યાએ અને નિયમોનુસાર વપરાય તે રાજય સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા છે. રાજય સરકાર વિકાસ કામોમાં ભ્રષ્ટાચાર અને નબળી ગુણવત્તા સામે 'ઝીરો ટોલરન્સ'ની નીતિ અપનાવી રહી છે.

મંત્રીએ ઉચ્ચ અધિકારીઓને ચમારડી સબ સેન્ટરના સમગ્ર બાંધકામની ઊંડાણપૂર્વક તપાસ કરવાના કડક આદેશ આપ્યા છે. આ સાથે જ જયાં પણ ક્ષતિઓ જણાય ડિમોલિશન કરી અને ત્યાં નિયત ધોરણો અને ગુણવત્તા મુજબ નવેસરથી બાંધકામ કરાવવા માટે મંત્રીએ અધિકારીઓને સૂચના આપી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, અમરેલી જિલ્લામાં પાલિકા, માર્ગ–મકાન વિભાગ કે જેટકો સહિત અન્ય કોઈ સરકારી વિભાગો ધ્વારા થતાં બાંધકામમાં વ્યાપક પ્રમાણમાં ગેરરીતિ થતી રહી છે અને છતાં પણ તે વિભાગનાં મંત્રી કે જિલ્લાનાં પ્રભારી મંત્રી આ અંગે કયારેય કાર્યવાહી કરતા નથી અને સ્થાનિક સરપંચથી લઈને સાંસદ કક્ષાનાં પદાધિકારીઓ પણ અકળ કારણોસર મૌન સેવતાં જોવા મળી રહ્યાં છે.

પાના ૮ ઉપરનું ચાલું **ભાજપ સરકારનાં શાસનમાં અસહય મોંઘવારીએ**

કરવામાં સરકાર સદંતર નાકામ રહી છે. ૨૦૧૪માં જયારે કેન્દ્રમાં કોંગ્રેસની આગેવાનીવાળી યુપીએ (યુપીઆઈ) સરકાર હતી, ત્યારના ભાવો અને આજે મે ૨૦૨૬ના ભાવો વચ્ચે આભ–જમીનનો તફાવત જોવા મળી રહ્યો છે.

"અચ્છે દિન" ના વાયદા કરી મોંઘવારીના માર આપનાર ભાજપા સરકાર પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવકતા ડો. હિરેન બેન્કરે જણાવ્યું હતું કે બેરોજગારી ઐતિહાસિક સપાટીએ છે, યુવાનો નોકરીઓ માટે ભટકી રહ્યા છે, સામાન્ય પરિવારોની આવક ઘટી રહી છે બીજી બાજુ જીવન જરૂરી ચીજવસ્તુઓ પર પણ આકરો ટેકસ અને જીએસટી ઝીંકીને સરકાર પોતાની તિજોરીઓ ભરી રહી છે અને પોતાના ગણ્યા–ગાંઠયા ઉદ્યોગપતિ મિત્રોને ફાયદો કરાવી રહી છે. આંકડા સ્પષ્ટપણે દર્શાવે છે કે મધ્યમ વર્ગ અને ગરીબોના રસોડાનું બજેટ સંપૂર્ણ પણે ખોરવાઈ ગયું છે. જે રાઈનું તેલ ૨૦૧૪માં ૯૭ રૂપિયામાં મળતું હતું તે આજે ૧૮૯ રૂપિયાને વટાવી ગયું છે. સોયાબીન તેલના ભાવ બમણા થઈ ચૂકયા છે. ગરીબો અને સામાન્ય પરિવારોના મુખ્ય ખોરાક એવા લોટ, દાળ,ચોખા અને દૂધના ભાવમાં પચાસથી પંચાણું ટકા સુધીનો તોતિંગ વધારો ઝીંકી દેવામાં આવ્યો છે. સિંગતેલ, સોયાબીન તેલ અને રાઈના તેલના ભાવ બમણા થઈ ચૂકયા,ગરીબો અને મધ્યમ વર્ગના બાળકો માટે અનિવાર્ય એવા દૂધના ભાવમાં પણ ૨૩ રૂપિયા પ્રતિ લીટરનો તોતિંગ વધારો થયો છે. આ કોઈ સામાન્ય ભાવવધારો નથી પરંતુ ભાજપ સરકાર દ્વારા જનતાના ખિસ્સા પર મારવામાં આવેલી સીધી લૂંટ છે. ભાજપના શાસકો કયા મોંઢે વિકાસની વાતો કરે છે ? સરકાર તાત્કાલિક અસરથી ખાદ્ય પદાર્થો પરના ટેકસમાં ઘટાડો કરે, સંગ્રહખોરો સામે કડક પગલાં ભરે અને સામાન્ય જનતાને રાહત આપવા માટે સબસિડી શરૂ કરે તેવી કોંગ્રેસ પક્ષ માંગ કરે છે.

પાના ૧ ઉપરનું ચાલું **બાબરા ખાતે શિક્ષકોએ ડોર ટુ ડોર**

નિયુક્તશિક્ષક સ્ટાફ દ્વારા શહેરનાં વિવિધ વિસ્તારોમાં ઘર–ઘર જઈ રહેવાસીઓની મુલાકાત લઈ જરૂરી વિગતો એકત્રિત કરવામાં આવી રહી છે.

વસ્તી ગણતરીના સુપરવાઈઝર વિપુલભાઈ ત્રિવેદી તથા વસ્તી ગણતરીદાર પંકજભાઈ રામાણીનાં માર્ગદર્શન અને દેખરેખ હેઠળ શહેરનાં દરેક પરિવાર સુધી પહોંચી ચોકસાઈપૂર્વક માહિતી મેળવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. વસ્તી, શિક્ષણ, વ્યવસાય, રહેઠાણ સહિતની વિવિધ વિગતો પારદર્શક અને વિશ્વસનીય રીતે નોંધવામાં આવી રહી છે.

આ અભિયાનને સફળ બનાવવા માટે ફરજ પર નિયુક્ત શિક્ષક સ્ટાફ દ્વારા સંપૂર્ણ નિષ્ઠા, જવાબદારી અને પ્રમાણિકતા સાથે કામગીરી કરવામાં આવી રહી છે. વસ્તી ગણતરી દરમિયાન નાગરિકો પણ જરૂરી માહિતી પૂરી પાડી સહયોગ આપી રહ્યા છે, જેના કારણે કામગીરી સરળ અને સુવ્યવસ્થિત રીતે આગળ વધી રહી છે.

વસ્તી ગણતરી દેશના આયોજન, વિકાસ અને વિવિધ સરકારી યોજનાઓના અસરકારક અમલીકરણ માટે અત્યંત મહત્વપૂર્ણ હોવાથી આ અભિયાનને સુચારૂ અને સફળતાપૂર્વક પૂર્ણ કરવા શિક્ષક સ્ટાફ સતત પ્રયાસશીલ બન્યો છે. બાબરા શહેરમાં ચાલી રહેલી આ કામગીરી આગામી દિવસોમાં વધુ વેગવંતી બનશે અને દરેક પરિવારની સચોટ માહિતી સરકાર સુધી પહોંચાડવામાં મહત્વની ભૂમિકા ભજવશે.

પાના ૧ ઉપરનું ચાલું **સંયુકત વહીવટી સંકુલનું ખાતમુહૂર્ત**

હોય છે, જેના કારણે સમય અને શ્રમનો વ્યય થતો હોય છે. નવા સંયુકત વહીવટી સંકુલના નિર્માણથી જમીન દસ્તાવેજોની નોંધણી, આવક–જાતિ સહિતના પ્રમાણપત્રો, મહેસૂલ સંબંધિત અરજીઓ, જમીન રેકોર્ડ અને અન્ય વહીવટી કામગીરી માટે નાગરિકોને એક જ સ્થળે સુવિધા પ્રાપ્ત થશે.

આ સુવિધાથી ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારના નાગરિકો, ખેડૂતો, વકીલો, અરજદારો અને વિવિધ સેવાઓ માટે આવતા નાગરિકોને કચેરીઓ વચ્ચે ધક્કા ખાવાની જરૂર રહેશે નહીં. વિવિધ વિભાગોની સેવાઓ નજીકમાં ઉપલબ્ધ બનતાં કામગીરી વધુ ઝડપી, સરળ અને પારદર્શક બનશે.

આ પ્રસંગે રાજયમંત્રી કૌશિકભાઈ વેકરિયાએ જણાવ્યું હતું કે, રાજય સરકાર નાગરિકોને વધુ સુલભ, ઝડપી અને પારદર્શક સેવાઓ ઉપલબ્ધ કરાવવા માટે પ્રતિબદ્ધ છે. વિવિધ વહીવટી સેવાઓને એક જ સ્થળે કેન્દ્રિત કરવાથી નાગરિકોને ગુણવત્તાયુકત સેવાઓ સરળતાથી પ્રાપ્ત થશે અને 'સરકાર તમારા દ્વારે'ની ભાવનાને વધુ બળ મળશે.

આધુનિક સંયુકત વહીવટી સંકુલના નિર્માણથી અમરેલી જિલ્લામાં વહીવટી સેવાઓના માળખામાં ગુણાત્મક સુધારો થશે તેમજ નાગરિક કેન્દ્રિત સુશાસનના લક્ષ્યને વધુ મજબૂતી મળશે.


નવા સંકુલમાં નાગરિકલક્ષી અભિગમને કેન્દ્રમાં રાખીને પ્રાથમિક સુવિધાઓ ઉપરાંત રેઈન વોટર હાર્વેસ્ટિંગ, પાર્કિંગ શેડ, હરિયાળું ગાર્ડન, આધુનિક અગ્નિશમન વ્યવસ્થા તેમજ સુવ્યવસ્થિત પરિસર જેવી સુવિધાઓ વિકસાવવામાં આવશે. પર્યાવરણલક્ષી માળખાકીય સુવિધાઓ સાથે આ સંકુલ ભવિષ્યલક્ષી અને આધુનિક વહીવટી કેન્દ્ર તરીકે વિકસશે.

આ પ્રસંગે અમરેલી નગરપાલિકાના પ્રમુખ વૈશાલીબહેન માંગરોળીયા, ઉપપ્રમુખ વિરલભાઈ પોપટ, નગરપાલિકાની કારોબારી સમિતિના ચેરમેન મૌલિકભાઈ ઉપાધ્યાય, પ્રાંત અધિકારી અમરેલી, મહેશ નાકિયા, મામલતદાર ગ્રામ્ય, સબ રજિસ્ટ્રાર અમરેલી, અગ્રણી સર્વે અતુલભાઈ કાનાણી, મયૂરભાઈ માંજરિયા, વિજયભાઈ ચોટલીયા, નગરપાલિકાના સભ્યો, નિર્માણ થનારી કચેરીઓના અધિકારીઓ, કર્મયોગીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## રાજય સરકારે સિંચાઈ માટે ૮૩.૧૬ લાખ મંજુર કર્યા

# અરે વાહ : સાવરકુંડલાનાં ચીખલી અને ભેંસાણીયા ડેમનાં રિસ્ટોરેશન અને સ્ટ્રેન્થનિંગ કામગીરી કરાશે

**ધારાસભ્ય કસવાલાએ મુખ્યમંત્રી અને જળ મંત્રીનો આભાર માન્યો**





સાવરકુંડલા, તા. ૬

સાવરકુંડલા–લીલીયા વિધાનસભા વિસ્તારના વિકાસ અને જળ સંરક્ષણને વધુ મજબુત બનાવવાનાં હેતુથી રાજય સરકાર ધ્વારા બે મહત્વપૂર્ણ વિકાસકાર્યોને સૈધ્ધાંતિક મંજુરી આપવામાં આવી છે. જેમાં ચીખલી ગામે પુર સરક્ષણ દીવાલનાં નિર્માણ માટે રૂા. ૪૯.૯૬ લાખ તેમજ ભેંસાણીયા ડેમનાં રિસ્ટોરેશન અને સ્ટ્રેન્થનિંગ (પુન : સ્થાપન અને મજબુતી કરણ) માટે રૂા. ૩૩.૨૦લાખની સૈધ્ધાંતિક મંજુરી મંજુર કરવામાં આવી છે.

આ મંજુરી મળતા ચીખલી ગામના લોકોમાં ખુશીની લાગણી જોવા મળી રહીછે. ચીખલી ગામમાં પુર સરક્ષણ દીવાલનાં નિર્માણથી વરસાદી ઋતુ દરમિયાન પાણીનાં પ્રવાહથી થતા નુકસાન અટકાવવામાં મદદ મળશે તેમજ ગામની સુરક્ષામાં વધારો થશે. બીજી તરફ ભેંસાણીયા ડેમનાં રિસ્ટોરેશન અને સ્ટ્રેન્થનિંગ (પુન : સ્થાપન અને મજબુતી કરણ) ના કાર્યથી ડેમની મજબુતાઈ વધશે, જળસંગ્રહ ક્ષમતામાં સુધારો થશે અને ખેડૂતોને સિંચાઈ માટે વધુ સુવિધા ઉપલબ્ધ બનશે.

આ બંને કાર્યો પૂર્ણ થતાં વિસ્તારના ખેડૂતો, પશુપાલકો તથા ગ્રામજનોને સીધો લાભ મળશે. ખાસ કરીને પાણીના સંગ્રહ અને સંરક્ષણ ક્ષેત્રે આ કામગીરી મહત્વપૂર્ણ સાબિત થશે, રાજય સરકાર ધ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં માળખાકીય સુવિધાઓ અને જળસંપતિના વિકાસને પ્રાધાન્ય આપવામાં આપી રહ્યું છે, જેના પરિણામે આવા મહત્વપૂર્ણ પ્રોજેકટોને મંજુરી મળી રહી છે.

ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ જણાવ્યું હતું કે, રાજય સરકાર સતત જનહિત અને વિકાસલક્ષી અભિગમ સાથે ચર્ચા કાર્ય કરી રહી છે. જેના પરિણામે ગ્રામ્ય વિસ્તારોમાં જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ બની રહી છે. તેમણે વિશ્વાસ વ્યકત કર્યો હતો કે, આગામી સમયમાં પણ વિસ્તારના વિકાસ માટે વધુ યોજનાઓ અને કાર્યોને મંજુરી પ્રાપ્ત થશે, જેના ધ્વારા સાવરકુંડલા–લીલીયા વિસ્તારના સર્વાંગી વિકાસને નવી ગતિ મળશે.

આ વિકાસલક્ષી કાર્યોને સૈધ્ધાંતિક મંજુરી મળતા સાવરકુંડલા–લીલીયા વિધાનસભાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ ગુજરાત રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ તેમજ જળ શકિત મંત્રી ઈશ્વરસિંહ પટેલનો હૃદયપૂર્વક આભાર વ્યકત કર્યો હતો.

પાના ૧ ઉપરનું ચાલું **દિલ્હીમાં કોકરોચ જનતા પાર્ટીનાં ધરણામાં**

સાથે રમત રમતી હોવાનાં આક્ષેપ સાથે દેશભરનાં યુવાઓમાં આક્રોશ જોવા મળી રહ્યો છે.

દરમિયાનમાં અમેરિકાની બોસ્ટન યુનિવર્સિટીમાં અભ્યાસ કરતાં મહારાષ્ટ્રનાં યુવક અભિજિત દિપકે સોશ્યલ મીડિયા મારફત બનાવેલ કોકરોચ જનતા પાર્ટીને ગણતરીનાં દિવસોમાં ૨ કરોડ કરતાં વધુ યુવાનોએ સમર્થન આપેલ.

આજે કોકરોચ જનતા પાર્ટીનાં ફાઉન્ડર અભિજિત દિપકેનું હાઈવોલ્ટેજ ડ્રામા સાથે દિલ્હીનાં એરપોર્ટ ઉપર અમેરિકાથી આગમન થયેલ અને તેઓ સીધા જ જંતરમંતર મેદાનમાં પહોંચ્યા હતા. જયાં ઉપસ્થિત હજારો યુવાનોએ તેમનું સ્વાગત કર્યુ હતું.

બાદમાં અભિજિત દિપકેએ કેન્દ્રીય શિક્ષણ મંત્રીનાં રાજીનામાની માંગ કરી હતી અને જયાં સુધી શિક્ષણ મંત્રી નૈતિકતાથી રાજીનામુ નહી આપે ત્યાં સુધી દેશભરમાં આંદોલન કરવાની ચીમકી આપી હતી.

જો કે, કોકરોચ જનતા પાર્ટીને ધરણાની મંજૂરી ગણતરીની મિનીટોમાં પોલીસ વિભાગે આપી હતી અને દેશમાં દાયકાઓ બાદ યુવાધન તેમનાં પ્રશ્નોને લઈને મેદાનમાં આવતાં કેન્દ્ર સરકાર અંદરથી ફફડી ગઈ હોય તેવું સૌ માની રહ્યાં છે.

## ''જનતાનાં દ્વારે શાસકો''નું અમેરિકન મોડેલ અમરેલીમાં શરૂ થયું


# અમરેલી પાલિકાનાં શાસકો ''ડોર ટુ ડોર'' જઈને સમસ્યા જાણી રહ્યા છે


**દાયકાઓથી મતદારો શાસકોને ત્યાં જઈને સુવિધા માંગતા આવ્યા છે અને હવે ઉલ્ટુ શરૂ**

**લોકશાહી શાસન વ્યવસ્થાની સાચી શરૂઆત અમરેલી પાલિકાનાં શાસકોએ કરી**

**ઘરે-ઘરે પહોંચીને પીવાના પાણી, ગટર, સ્ટ્રીટલાઈટ, ગંદકી સહિતની સમસ્યા જાણીને તેનો નિકાલ થઈ રહ્યો છે**

**જિલ્લાની અન્ય પાલિકાઓનાં શાસકોએ પણ અમરેલીનાં શાસકોમાંથી પ્રેરણા લેવી જોઈએ**



અમરેલી, તા. ૬

પહેલા સ્થાનિક નાગરિકોને પોતાની સમસ્યાઓના નિરાકરણ માટે નગરપાલિકા કચેરીના સતત ધક્કા ખાવા પડતા હતા, તેમ છતાં ઘણી વખત સમસ્યાઓનો યોગ્ય અને સમયસર ઉકેલ મળતો ન હતો. પરંતુ અમરેલી નગરપાલિકાની નવી બોડીની ટીમ દ્વારા હવે પરિસ્થિતિમાં બદલાવ લાવવામાં આવ્યો છે. પ્રમુખ, ઉપપ્રમુખ, કારોબારી ચેરમેન, ચીફ ઓફિસર તેમજ નગરસેવકો દ્વારા સીધો લોકો સાથે સંપર્ક સાધી તેમના વિસ્તારમાં જ પહોંચી સમસ્યાઓનું નિરાકરણ લાવવામાં આવી રહ્યું છે. લાઠી રોડ, રામ રેસિડન્સી, શ્રીજી રેસિડન્સી, ધર્મનગર, મોહનનગર અને હનુમાનપરા સહિતના વિસ્તારોમાં સ્થળ મુલાકાત લઈ પાણીની સમસ્યા, ગટર વ્યવસ્થા, સફાઈ તેમજ રોડ-રસ્તાની સ્થિતિ અંગે વિગતવાર નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. સાથે જ સંબંધિત વિભાગોને તાત્કાલિક અસરથી કામગીરી કરવા કડક સૂચનાઓ આપવામાં આવી હતી.

ધર્મનગર અને હનુમાનપરા વિસ્તારમાં કેટલાક ઘરોની બહાર પાણી ભરાવાની સમસ્યા જોવા મળતાં પ્રમુખ અને ચીફ ઓફિસર દ્વારા ખાસ ધ્યાન આપી તાત્કાલિક નિવારણ માટે પગલાં લેવા સૂચના આપવામાં આવી હતી. નગરસેવકો દ્વારા લોકોની વચ્ચે જઈ તેમની ફરિયાદો સાંભળી, સ્થળ પર જ શકય તેટલા પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવ્યું હતું અને બાકી મુદ્દાઓ માટે તાત્કાલિક ફોલોઅપની ખાતરી આપવામાં આવી હતી.

રામ રેસિડન્સી વિસ્તારમાં રહીશોએ નગરસેવકોનું સન્માન કરી તેમની કામગીરીને આવકાર આપ્યો હતો. નવી બોડી દ્વારા જનસંપર્કને વધુ મજબૂત બનાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે અને નાગરિકોની સમસ્યાઓને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે.

### પાલિકા અને નાગરિક બેન્કમાં

# બાબરા ખાતે બ્રહ્મસમાજનાં ચૂંટાયેલ પ્રતિનિધિઓનો સન્માન સમારોહ યોજાશે

**આજે ગાયત્રી મંદિર ખાતે કાર્યક્રમ યોજાશે**

બાબરા, તા. ૬

બાબરા બ્રહ્મ સમાજ દ્વારા સમાજના ગૌરવ સમાન વિવિધ ક્ષેત્રોમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓના સન્માનાર્થે વિશેષ સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી તા. ૭ જૂન, રવિવારના રોજ સાંજે ૪:૦૦ કલાકે બાબરા સ્થિત ગાયત્રી મંદિર ખાતે આ કાર્યક્રમ યોજાશે.

સમાજમાં સેવાકીય, સામાજિક અને જાહેર જીવનમાં મહત્વપૂર્ણ જવાબદારીઓ નિભાવતા તેમજ વિવિધ સંસ્થાઓ અને સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં ચૂંટાઈ આવેલા પ્રતિનિધિઓનું આ પ્રસંગે સન્માન કરવામાં આવશે. કાર્યક્રમમાં બ્રહ્મ સમાજના આગેવાનો, યુવાનો, માતાઓ, બહેનો તેમજ સમાજના મોટી સંખ્યામાં સભ્યો ઉપસ્થિત રહી શુભેચ્છાઓ પાઠવશે.

આ સમારોહ દરમિયાન નગરપાલિકા ઉપપ્રમુખ યજ્ઞેશ શુકલ, નગરપાલિકા સભ્યો મયુરભાઈ રાવળ અને રમેશ તેરૈયા, નાગરિક બેંકના ડિરેકટર બળવંતભાઈ ચાવ, તેમજ અતુલભાઈ ત્રિવેદી અને ગેરવભાઈ તેરૈયા સહિતના આગેવાનોનું સન્માન કરવામાં આવશે.

બાબરા બ્રહ્મ સમાજ દ્વારા સમાજના તમામ સભ્યોને આ સન્માન સમારોહમાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવવા અપીલ કરવામાં આવી છે.

ધો. ૧૨ ઉચ્ચ ગ્રેડ - ધો. ૧૨ ફી પરત
A1 - A2 - B1 - ગ્રેડને ધો. ૧૨ સાયંસની 100% - 50% - 25% ભરેલ ફી પરત
A1 - A2 - ગ્રેડને ધો. ૧૨ આર્ટસ કોમર્સની 50% - 25% ભરેલ ફી પરત
સંકુલ કોલેજ પ્રવેશ આવશ્યક
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળ :- શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ), ચક્કરગઢ રોડ, અમરેલી -Ad 099

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૯૨૭

ધો. ૧૦ ઉચ્ચ ગ્રેડ - ધો. ૧૧ ફી માફ
A1 - A2 - B1 - ગ્રેડને ધો. ૧૧ સાયંસ 100% - 50% - 25% સ્કૂલ ફી માફ
A1 - A2 - ગ્રેડને ધો. ૧૧ આર્ટસ કોમર્સ 50% - 25% સ્કૂલ ફી માફ
સંકુલમાં પ્રવેશ લેનાર કોઈપણને
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળ :- શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ), ચક્કરગઢ રોડ, અમરેલી -Ad 097

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.94268 31241

રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા-વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયઠઠ્ઠા
Mo. 93770 03636

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦, પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (3) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

અંગ્રેજી ન્યુઝ પેપર
The Indian EXPRESS
શેર બજારનું ગુજરાતી ન્યુઝ પેપર
ફાયનાન્સિયલ એક્સપ્રેસ
આપના ઘરે શરૂ કરવા માટે સંપર્ક કરો
પ્રકાશભાઈ ચંદારાણા
મો. ૯૬૩૮૫ ૩૦૪૫૦

આપણો સમાજ
એજ્યુકેશન કન્સલ્ટન્સી
ધોરણ 10 અને 12 પછી થતા ઉત્તમ કારકિર્દી ધરાવતા અભ્યાસક્રમો
BSC NURSING
MSC NURSING
ANM NURSING
GNM NURSING
PBBSC NURSING
BHMS / BAMS
B.C.A., B.A., P.T.C., B.ed.
તેમજ ધોરણ 10 અને 12 માં NIOS બોર્ડની વ્યવસ્થા
SC/ST વિદ્યાર્થીઓને 100% સરકાર માન્ય સંપૂર્ણ સ્કોલરશીપ મળવાપાત્ર
Nikunj Chauhan 81414 55245
Bhavesh Vegda 93271 22692
:: એડ્રેસ ::
પ્રથમ માળ, સાકાર કોમ્પ્લેક્ષ, નાના બસ સ્ટેન્ડ, નાગનાથ મંદિર પાસે, અમરેલી - ૩૬૫૬૦૧


















# સન્ડે સ્વીટ્સ અમરેલી એક્સપ્રેસ

amreli express

4

તા.૦૭-૦૫-૨૦૨૬


**પ્રકરણ .. ૨૮૮, - ૧૯૬૫**

# ભરી દુનિયા મે આખિર દિલ કો સમજાને કહા જાયે.. મુહબ્બત હો ગઈ નસીબ મે જિસ કે જો લીખા થા, વો તેરી મેહફિલ મે કામ આયા, કિસી જબ ચલી ઠંડી હવા, જબ ચલી, કાલી ઘટા... મુજ કો જાને એ વફા તુમ..

**પ્રિય વાચક મિત્રો,**

હિન્દી સિનેમાના પ્રખ્યાત ગાયિકા સુમન કલ્યાણ પૂર તા.૩૧-૫-૨૬ ના રોજ અને જાણીતા નિર્માતા અને નિર્દેશક પહલાઝ નિહલાની તા.૪-૬-૨૬ ના રોજ અમર થયા. તેમને શ્રદ્ધાંજલી અર્પણ કરીયે.

પ્રેમમાં શરીર કરતાં આત્માનું મિલન વધુ અસર કારક હોય છે, દરેક પ્રેમમાં એક સ્ત્રી અને એક પુરૂષનો સમન્વય હોય છે. પ્રેમ સમજદારી પૂર્વક એટલે કે મેચ્યોર અને હૃદય સાથે જોડાયેલ હોય છે. સાચા પ્રેમીઓ જન્મો જન્મના સાથી હોય છે. તે પ્રેમીઓના આત્મા દરેક જન્મમાં એકબીજાને શોધી લે છે. પછી તે પ્રેમ માટે લગ્ન બંધન જરૂરી નથી હોતું, દરેક સાચા પ્રેમીઓનું શારીરિક મિલન કયારેક થવું જરૂરી નથી. લગ્નના ચાર ફેરા ફરી અને સપ્તપદીના નિયમોને સાંભળી કેટલાય પતિ-પત્ની જીવનભર પ્રેમ ના અભાવે એક ખાલીપો લઈ જીવન પસાર કરતાં હોય છે, તેમને લગ્ન જીવનમાં શારીરિક અને સામાજિક સંતોષ મળે છે, પણ પ્રેમ નો ખાલીપો જીવન ભર ખાલી જ રહે છે. લેલા મજનૂ, હીર રાંઝા જેવા પ્રેમીઓ જે હૃદયથી જોડાયેલા હોય છે, એક છબી હૃદયમાં અંકિત થયા બાદ તેમાં બીજા માટે કોઈ જગ્યા રેહતી નથી. આવા પ્રેમીઓ આજે તો મળવા ખૂબ મુશ્કેલ છે, આજે તો પ્રેમીઓ શારીરિક સંતોષ મેળવ્યા બાદ બ્રેક અપના બહાના નીચે અલગ થાય છે, અને ટૂંક સમયમાં જ બીજા સાથે ડેટિંગ ચાલુ થઈ જાય છે, હવે આવી માયાજાળમાં તરૂણો પણ ફસાતા જાય છે, જે આજના વાલી આ માટે એક પડકાર રૂપ પ્રશ્ન છે.

અહી વાત ચાલી રહી છે, એવા પ્રેમીઓ જે હૃદયથી જોડાયેલા છે, જેને અમીરી કે ગરીબી કે કોઈ ધર્મ કે જાતિ સાથે સંબંધ નથી. તેઓ માત્રને માત્ર એકબીજા માટે સર્જાયા છે. આવા પ્રેમીઓને અલગના કરવા જોઈએ. જેમાં કોઈ વાસના નથી પણ શાશ્વત પ્રેમ જ છે. તેવી વાત કરતી દર્દીલી ફિલ્મ એટલે દો બદન. આ ફિલ્મમાં પ્રેમીઓ ને અલગ કરવા માં દોષ કોઈ નો નથી, માત્ર દોષ છે, સમય અને ભાગ્ય નો. જેમ કે ફિલ્મનો નાયક વિકાસ ગરીબ છે, તે સમજે છે કે અમીર અને ગરીબનો ભેદભાવ બન્ને પ્રેમીઓને એક થવા દેશે નહીં, તો નાયિકા આશાને મન તેના પ્રેમીની નાની કમાણીમાંથી પણ સંતોષ છે, કારણ તે જ પ્રેમ છે. કોઈ પિતા એવું ના ઈચ્છે કે તેની પુત્રી કોઈ એવી વ્યક્તિ સાથે લગ્ન કરે જેથી ભવિષ્યમાં તેને આર્થિક કે સામાજિક તકલીફ પડે, તેમ અહી આશાના પિતા પણ દોષિત નથી, તે આશાના લગ્ન અમીર અશ્વિની સાથે કરવા માંગે છે. તો કોઈ પતિ એવું ના ઈચ્છે કે તેની થનાર કે થઈ ગયેલ પત્ની તેના ભૂતકાળના પ્રેમીને યાદ કરી તેમના દાંપત્ય જીવનમાં આગ લગાડે. તેથી તે તેની પત્નીના પ્રેમીને દૂર કરવા ના પ્રયત્ન કરે છે, આ રીતે અહી ખલનાયક પણ દોષિત નથી. અહી ખલ નાયક પણ એવો પ્રેમી છે જે તેની પત્નીને ચાહે છે, પણ તેનો પ્રેમ મેળવી શકયો નથી, તે પતિ તેની પત્નીના પ્રેમીને તેની સામે લાવી દે છે, કારણ કે જો તેની પત્નીનો જીવ બચી જતો હોય તો આ ત્યાગ પણ તે કરવા તૈયાર છે. તો એવો પણ પ્રેમ ફિલ્માં છે, જે માત્ર એટલું ચાહે છે કે તેનો પ્રેમ ખુશ રહે, જે એક નિસ્વાર્થ પ્રેમની ભાવના છે. આવા પ્રેમી ખૂબ ઓછા જોવા મળે છે. આવા પાત્રમાં સિમી અહી બાજી મારી ગયા છે.

આ ફિલ્મના અમુક દ્રશ્ય આગામી સમયની અમીરી અને ગરીબીના ભેદભાવની ફિલ્મોની પ્રેરણા રેહશે. આ ફિલ્મના મનોજ કુમારને પાર્ટીમાં અપમાનિત કરતાં દ્રશ્યને આગામી સમયની મિથુન અને પદ્મિનીની હિટ ફિલ્મમાં રિપીટ કરાયું છે. તો લગ્ન બાદ પણ પ્રેમીને ભૂલી ના શકી પત્નીને પતિ તેના પ્રેમી સાથે મુલાકાત કરાવી દે છે તે દ્રશ્ય, તે આગામી સમયની સલમાન, ઐશ્વર્યા અને અજયની ફિલ્મની કહાનીનો પાયો સાબિત થશે। આવી દર્દીલી ફિલ્મ રાજ ખોસલાએ બનાવી છે. મનોજ સાથે તેમણે વો કૌન થી ? માં કામ કર્યુ હતું, અને મનોજની ફિલ્મો પ્રત્યેની સૂઝથી તેઓ આકર્ષિત થયા હતા. ૧૯૫૧ની ફિલ્મ દીદાર પર થી મનોજ કુમારે જ દો બદન બનાવવા રાજ સાહેબ ને કહ્યું હતું. રાજ ખોસલા ૧૯૬૬ ના સફળ નિર્દેશક રહ્યા, તેમના નિર્દેશનમાં બે ફિલ્મો ટોપ ટેનમાં પહોચી. બીજી ફિલ્મ મેરા સાયાની વાત આગળ કરીશું. અભિનેત્રીમાં પેહલી પસંદ કલ્પના હતા, પણ મનોજે તેમની છેડતી કરી તેવો આક્ષેપ તેમણે લગાવી ફિલ્મના સ્વીકારી, બીજી પસંદ સાધના હતા, સાધના સાથે રાજ મેરા સાયા કરી રહ્યા હતા, અને સાધના ના લગ્ન હમણાં જ થયા હોવાથી તેઓ નવી ફિલ્મ સ્વીકારવા તૈયાર ના હતા, અને ત્યારબાદ તે સમયના લોકપ્રિય અભિનેત્રી આશા પારેખને ભૂમિકા મળી, આશાની ઈમેજ એક ચંચલ યુવતી અને નટખટ અભિનેત્રીની હતી, તેઓ સવેન્દશીલ અભિનય કર્યો ના હતો, પણ આ ફિલ્મથી આશા એક સવેદનશીલ અભિનેત્રી રૂપે બહાર આવ્યા. ડોકટરના પાત્ર માટે પેહલા મુમતાઝનું નામ નક્કી થયું હતું, પણ અંતે આ પાત્ર સિમી ગ્રેવાલને મળ્યું, એક બોલ્ડ અભિનેત્રીએ અહી લાજવાબ અભિનય કરી બેસ્ટ સહાયક અભિનેત્રીનો એવાર્ડ પણ પ્રાપ્ત કર્યો.




**ફિલ્મી સફર (એક ઈતિહાસ)**


હિતેશ જોશી : ૯૪૨૭૨ ૩૦૫૦૬


ફિલ્મની કહાની ટૂંકમાં જોઈએ તો એક ગરીબ યુવાન મનોજ અમીર યુવતી આશાને ચાહે છે, બન્ને વચ્ચે લાગણીના અતૂટ બંધનો બંધાઈ ગયા છે. મનોજને તેના પરિવારનો પણ સહકાર નથી ત્યારે આશા તેના પિતાને કહી તેને તેની કંપનીમાં નોકરી અપાવી દે છે. આશાના પિતા દીવાન આશા ના લગ્ન એક અમીર યુવાન પ્રાણ સાથે કરવા માંગે છે, તેને મનોજ અને આશાના સંબંધની ખબર પડતાં જ મનોજને અપમાનિત કરી દૂર જતાં રહેવા કહે છે. મનોજ શહેર છોડી અમીર બનવાની ઈચ્છા સાથે દિલ્હી જાય છે, પણ રસ્તામાં પ્રાણ તેનો અકસ્માત કરાવી દે છે, પણ મનોજ જીવિત રહે છે, પણ તે અંધ બની જાય છે, તે પ્રાણ તેને મળવા આવે ત્યારે આશાને તે મૃત્યુ પામ્યો છે, તેવું કેહવા દબાણ કરે છે. પ્રાણ આશાને મનોજના મૃત્યુના ખોટા સમાચાર આપે છે, હવે આશા નિરાશ થઈ જાય છે, અને લગ્ન કરવા પણ તૈયાર નથી. બીજી તરફ અંધ મનોજને એક લાગણીશીલ ડોકટર સિમી ઘર લઈ આવે છે, મનોજના આશા પ્રત્યેના સમર્પણ, ત્યાગની ભાવનાથી તે અભિભૂત થાય છે. અને સિમી તેને એક સફળ ગાયક બનાવી દે છે. અને મનોમન ચાહે છે. પ્રાણ આશા સાથે લગ્ન કરવા મનોજ અને સિમી વચ્ચે પ્રણય છે, તેવી કહાની મનોજને કરવા કહે છે, આશા માટે મનોજ તે પણ કરે છે, આશા અને પ્રાણના લગ્ન થાય છે, પણ આશા તન અને મનથી તેની સાથે જોડાતી નથી. એક દિવસ આશાને ખબર પડી જાય છે કે, મનોજ અને સિમી વચ્ચે કોઈ સંબંધ નથી, અને મનોજ અંધ છે, તે હવે ખૂબ નિરાશા અનુભવે છે. સિમી આશાને મનોજ આંખનું ઓપરેસન કરાવે તેવું કેહવા બોલાવે છે, અને મનોજ આંખનું ઓપરેસન કરવા તૈયાર થાય છે, પણ આશાને મનોજ સાથે જોઈ પ્રાણ આશાને ઘરમાં નજર કેદ કરી લે છે.




આશાના કાકા આશાને તેના ઘર લઈ જાય છે, પણ આશા માનસિક રીતે બીમાર છે, તે મનોજને ભૂલી શક્તી નથી. બીજી તરફ મનોજનું આંખનું ઓપરેસન સફળ થાય છે, તેના માટે તે સિમીનો આભાર માને છે, સાથે મનોમન ચાહવા પણ લાગે છે, પ્રાણને આશાની માનસિક હાલતની ખબર પડે છે, તે પણ દિલથી આશાને ચાહતો જ હતો, અને તેણે જે પણ ખરાબ કામ કર્યા હતા, તે આશાને મેળવવા માટે કર્યા હતા, હવે તેણે પસ્તાવો થાય છે, અને તે મનોજ પાસે આવે છે, મનોજને આશાને મળ વાનું કહે છે, મનોજ પેહલાના કહે છે, પણ આશાની નાજુક તબિયતની હાલત જાણી તે પ્રાણ સાથે આવવા તૈયાર થાય છે. આ બાબતે સિમી પણ તેના પ્રેમ અને લાગણીઓ નો ત્યાગ કરી મનોજને આશા પાસે જવા કહે છે. હવે આશાના પિતા સહિત તમામ પસ્તાવો કરી રહ્યા છે કે, આશા અને મનોજને અલગના કર્યા હોત તો આવી પરિસ્થિતીના આવત. પણ ભાગ્યને કોઈ બદલી શકતું નથી. મનોજને લઈ પ્રાણ આશા પાસે આવી માફી માંગી આશાને મનોજ સાથે મેળવી આપે છે. આશા મનોજને જોઈ સર્વસ્વ મળી ગયું તેવી લાગણી અનુભવી આ દુનિયા છોડી દે છે, આશાને દુનિયા છોડતી જોઈ મનોજ પણ દુનિયા છોડી દે છે. એક પ્રેમ કહાનીનો દુખદ અંત આવે છે.

ફિલ્મ શરૂના ૪૫ મિનિટ દર્શકોને એક સામાન્ય ફિલ્મ લાગે છે, આશાને પણ ચંચલ બતાવી છે, પણ પછી ફિલ્મ દર્શકોને રડાવી જાય છે. ફિલ્મમાં એક પણ યુગલ ગીત નથી. જે દર્દીલા ગીત છે, તે રફી સાહેબ અને લતાજીના સ્વરમાં છે. જેમ કે, રહા ગર્દિશો મે હરદમ મેરે ઈશ્ક કા સિતારા, ભરી દુનિયા મે આખિર દિલ કો સમજાને કહા જાયે, મુહબ્બત હો ગઈ જીન કો વો દીવાને કહા જાયે, અને નસીબ મે જિસ કે જો લીખા થા, આજે પણ રફી સાહેબના દર્દીલા ગીતોમાં યાદગાર ગીત છે. લતાજીના સ્વરમાં, લો આ ગઈ, ઉન કી યાદ.. વો નહીં આયે.. લો થરથરા રહી હૈ, અબ શમમે ઝીંદગી કી, ઉજડી હુઈ મુહબ્બત મેહમાન હૈ દો ઘડી કી, મર કર હી અબ મિલેંગે, જી કર તો મિલ ના પાયે.. લો આ ગઈ.. ગીત અંતમાં દર્શકોને રડાવી જાય છે. આટલી સવેદનશીલ ફિલ્મ વર્ષની છ નબરની સુપર હિટ ફિલ્મ બની. ફિલ્મનું બજેટ ૬૫ લાખ અને નફો ૧.૫૦ કરોડનો થયો. આ ફિલ્મની સફળતામાં શકીલ બદાયુની ના ગીત અને રવિનું સંગીતનો અમૂલ્ય ફાળો રહ્યો. આગામી અંકમાં આશા પારેખ અને જોય મુખર્જીની સંગીત મય ફિલ્મ સાથે મળીશું. આભાર.

# ॥ સાહિત્ય ઋષિ ટોલસ્ટોયનો છેલ્લો પત્ર ॥

## સુખી અને સાર્થક જીવનનું રહસ્ય




ડો. ધીરજકુમાર વ્યાસ
મો. ૯૪૨૭૨ ૪૪૨૫૧ (એડવોકેટ)
બગસરા


અનન્યા પાસેથી ધર્મવીર ઘરે આવ્યા પ્રેરણા અને પ્રયાગને વાત કરી હતી કે અનન્યા ટેન્શનમાં છે એટલે ફોન કે પત્ર લખશો આપણે મિત્રો સાચા સોલ્યુશન વિશે ચર્ચા કરીએ.

શાનક પણ અન્નયાને પત્ર લખી નોકરી નહિ છોડવાની સલાહ આપી હતી. કુટુંબ સમાજની સેવા માટે નોકરી છોડીશ નહિ પરંતુ વધુ ચિંતન, વાંચન કરી ખરો રસ્તો પસંદ કરવા વધુ જ્ઞાની માણસોની સલાહ લેજે પ્રવચનો સાંભળી દીક્ષા લેવા કે સન્યાસી બનવા દોડવું નહિ, ઘણા મહાત્માઓએ આત્મકથામાં પોતાની આ બાબતની ભૂલો વિશે લખ્યું છે ઘણા મહાપુરૂષો પણ પોતાનાં અંગત જીવનમાં નિષ્ફળ ગયા હતા જગતને સુધારવા કરતા આપણે આપણું જીવન સત્ય, પ્રેમ, કરૂણાથી જીવવું વધુ યોગ્ય છે પ્રયાગે લખ્યું કે હાલ હું વિશ્વના શ્રેષ્ઠ અને મહાપુરૂષોની જીવનકથા વાંચવાથી આપણા જ્ઞાનમાં વધારો થાય છે તેમનો અનુભવ આપણો અનુભવ બને છે આ પત્રમાં હું તમને એક મહન સંત અને વિશ્વના પ્રસિધ્ધ સાહિત્યઋષિ ટોલ્સ્ટોયથી અંગત કથા ખૂબ ટૂંકમાં લખીશ. મહાત્મા ગાંધીજી પણ ટોલસ્ટોયથી ખૂબ પ્રભાવિત હતા. ટોલ્સ્ટોયના જગપ્રસિધ્ધ પુસ્તકોના નામ લખું તમે વાંચશો તો ખુબ ગમશે. ૧. વોર એન્ડ પીસ યુધ્ધ અને શાંતિ, ૨. 'અન્ના કેરીના' પ્રેમ પરિવાર સમાજના અરસપરસના સંબંધોમાં આ ઉત્તમકૃતિ છે ૩ પુનરૂત્થાન તત્કાલીન સમાજની કાનુન વ્યવસ્થા ઉપર ચિંતનાત્મક કથા છે. "ધ ડેથ ઓફ ઈવાન ઈવીશ" મૃત્યુ અને જીવન વિશે ખૂબ સરસ વર્ણન ૭. કુત્ઝર સોનાર લગ્નજીવન અને પ્રેમ સંબંધોના વિજ્ઞાન ઉપર આ વાર્તા છે આ સિવાય ઘણા સુંદર પુસ્તકો છે પરંતુ મારે તો આજે પુસ્તકોના નામ છે તેના અંગત લેખકનુ અંગત ખરૂ જીવન કેવું હતું. તે અંગે ખરી વાસ્તવિકતા બતાવું છું કે માણસને પરિસ્થિતિ કેવી નડે છે પરિસ્થિતિનો દારી છે ગમે તેવું જ્ઞાન વાસ્તવમાં કામ નથી લાગતું જીવન એક ટ્રેજડી બની જાય આવા જ્ઞાની સંત પુરૂષની ટોલ્સ્ટોયનો જીવન પુર્વાધ ભાગ અને ઉતરાર્ધ ભાગનો પ્રસંગ વાંચી તમને આશ્ચર્ય થશે. ડો. દિનકર જોષીએ ગઈકાલ વિતાની આવતીકાલ ટોલ્સ્ટોયના જીવન આધારિત આ નવલકથા વાંચશો તો પણ ઘણું જાણવા મળશે. દુનિયાના સૌથી ડાહ્યા માણસની વાત અત્યંત ટૂંકમાં માત્ર ઝલક લખું છું. એક મધરાતે ૮૨ વર્ષની ઉંમરે ગૃહત્યાગ કર્યો ત્યારે પત્ની સોફિયાને જે પત્ર લખ્યો હતો તે સંક્ષેપમાં લખું છું. પ્રિય સોફીયા યુવાનીમાં હું ચાહતો અને આજે નહિ ચાહવાના અનેક કારણો હોવા છતાં તને ચાહું છું. એમ કહું તો ખોટું નથી.છેલ્લા કેટલાક સમયથી હું અનુભવી રહ્યો હું કે ઘરમાં મારૂ હોવું વધુને વધુ અસહય બનતું જાય છે જે રીતે રહુ છું. એ રીતે હુ લાંબો સમય રહી શકુ તેમ નથી એટલે મે નિર્ણય કર્યો છે કે હું ઘર અને તને છોડીને કયાંય જતો રહું. ખરૂ કહું તો વૃધ્ધાવસ્થામાં દરેક માણસે જે રીતે જીવવું જોઈએ. એ રીતે જીવવા માટે ઘર છોડીને જઈ રહ્યો છું. દુન્યવી ઝંઝટોથી મુકત અને પરમ શાંતિની ખોજમાં મારા છેલ્લા દિવસો ગાળવાનો આ માર્ગ છે કૃપા કરીને મને સમજવાની કોશિષ કરજે મને શોધવાનો પ્રયત્ન કરીશ નહિ તુ મને શોધીશ અને મળીશ તો આપણા બંનેની રોષ જિંદગી વધુ યાતનામય બની જશે અડતાલીસ વરસના તારા સથવારા બદલ તારો આભારી છું. હું સમાજથી જુદો પડુ છું. આપણી વચ્ચે અંતર વધતુ જાય છે વૈચારિક દષ્ટિએ પરસ્પરથી ભિન્ન છીએ. એટલે આપણે બન્ને નિર્દોષ છીએ. મેં તને ન છોડવા માટે આટલા વરસો સુધી જાત ઉપર જુલમ કર્યા છે પણ તે મારા આ જુલમને તારા વિચારોની જીત માની છે આ ગેરસમજ કઈ રીતે દુર કરવી ? મારા જે કંઈ દોષોએ તને દુઃખ પહોંચાડવાનું હોય એને માફ કરી દેજે. તારા તરફથી મને જે દુઃખ થયુ છે એ બધુ હું ભૂલી જાવ છું. બધી કડવાશ ભૂલીને હવે તું મારી વિદાયથી તને જે સ્થાન મળ્યું છે એને શાંતિપૂર્વક સ્વીકારી લેજે. તને ઠપકો આપવા જેવું મારે કંઈ નથી. પરમાત્મા તારૂ કલ્યાણ કરે. લિ. નિકોલય વીચ ટોલ્સ્ટોય.પત્ર પૂરો કરી કવરમાં બંધ કરી સોફિયાનું નામ લખ્યું પછી ખૂબ ધીમે ધીમે પોતાથો થેલો લીધો અધૂરી હસ્તપ્રતો, વસ્ત્રો, પુસ્તકો મૂકયા જમણી તરફ સોફિયા સુતી હતી. ડાબી તરફના ઓરડામાં પુત્ર આશા સુતી હતી. ધીમે રહી આશાના ઓરડામાં જઈ કહ્યું "આશા દિકરી ઉઠી" આશા ચોકી ગઈ. સફાળી ઉભી થઈ પાપા તમે ? અત્યારે અહીં ? ટોલ્સ્ટોયે હોઠ ઉપર આંગળી મૂકી બોલ્યા ચૂપ રહે હું અત્યારે જ ઘર છોડીને જવા માંગુ છુ તું મારી સાથે ચાલ ડોકટર મેકોવેસ્કીને પણ આપણી સાથે લઈ જવાના છે હું એમને ઉઠાડું છું. ડોકટર પણ તૈયાર થયા. હવે મારે જે મારા વાંચકોને જણાવવું છે તે આગળના લેખમાં લખીશ આવા મહાપુરૂષનું અંગત જીવન કેટલુ વિષમ હતું. પત્ની સાથે સંબંધોથી અતિ તંગ આવી ગયેલા આવા સંત વિશ્વ વિખ્યાત લેખક અત્યંત બીમાર અવસ્થામાં ઘર છોડીને જતા રહે છે. તેમનું મૃત્યુ કેવી સ્થિતિમાં થયું. પછી તેઓ કેટલં રડયાં. વગેરે વાત એટલા માટે જાણવી જોઈએ કે જીવનની ઘરમાળ કેવી વિષમ છે. (અપૂર્ણ)

# ડેલ કાર્નેગીનું અમર ચિંતન : "હાઉ ટુ વિન ફ્રેન્ડ્સ એન્ડ ઇન્ફલુએન્સ પીપલ"



**સૂત્રધાર**


ડો. અમિતકુમાર રસિકલાલ મહેતા
મો. ૯૮૪૪૮ ૯૦૦૫૯ અમરેલી



દરેક માણસના જીવનમાં કારકિર્દીના શરૂઆતના દિવસો સંઘર્ષ, સપના અને આશાઓથી ભરેલા હોય છે. એ દિવસોમાં જયારે આપણે દુનિયાને સમજવાનો અને કોર્પોરેટ કે વ્યવસાયિક જગતમાં આપણી એક અનોખી ઓળખ બનાવવાનો પ્રયત્ન કરતા હોઈએ છીએ, ત્યારે કોઈક વડીલ, ગુરૂ કે હિતેચ્છુ આપણા હાથમાં એક પુસ્તક મૂકે છે. એ પુસ્તક એટલે ડેલ કાર્નેગીનું વિશ્વ પ્રસિદ્ધ 'How to Win Friends and Influence People', જેનો આપણી માતૃભાષામાં બહુ સુંદર અનુવાદ થયો છે' મિત્રો બનાવો અને પ્રભાવશાળી બનો' (જે લોક વ્યવહાર તરીકે પણ જાણીતું છે). આપણે સૌએ આપણી જુવાનીના એ શરૂઆતના ઉમળ કામાં, જયારે ખિસ્સા ખાલી હતા પણ આંખોમાં આકાશ આંબવાના સપના હતા, ત્યારે આ ચોપડી વાંચી હશે, એના પાનાઓ પર લીટીઓ દોરી હશે અને માણસોના દિલ જીતવાનાનુ સખાઓ શીખીને દુનિયા સર કરવાના મનસૂબા ઘડયા હશે.

પરંતુ આજે વર્ષો પછી, જયારે અનુભવની પરિપકવતા આવી છે, લીડરશિપ અને મેનેજમેન્ટના પાઠ જમીની સ્તરે સમજાયા છે અને જિંદગીના કેટલાય ઉતાર - ચડાવ જોઈ લીધા છે, ત્યારે પાછા વળીને એ પુસ્તકના સિદ્ધાંતો સામું જોઈએ તો એક બહુ મોટો સવાલ મનમાં જાગે છે. શું આપણે આ પુસ્તકમાંથી 'સાચી માણસાઈ' અને 'લોક વ્યવહાર' શીખ્યા કે પછી માત્ર 'લોકોનો ઉપયોગ કરવાની વ્યવહારૂ ચતુરાઈ' શીખ્યા ? આજના આધુનિક, દોડતા અને અત્યંત ગણતરીબાજ યુગમાં આ પુસ્તકના સિદ્ધાંતો કયાંક ' બનાવટી વહેવાર' નું આયોજનબદ્ધ સાધન તો નથી બની ગયા ને ?

સાહજિક સ્મિત કે વ્યાપારી મહોરૂ ?

કાર્નેગીએ પોતાના પુસ્તકમાં જે પ્રકરણો લખ્યા છે એના નામ જ કહી દે છે કે તે માણસને અંદરથી કેટલો સરળ અને પારદર્શક બનાવવા માંગતા હતા.'સામેવાળા માણસનું નામ યાદ રાખો કારણ કે તેના માટે એ દુનિયાનો સૌથી મીઠો શબ્દ છે' ' બીજાની ભૂલની સીધી ટીકા ન કરો', ' સામેવાળાના દ્રષ્ટિકોણથી દુનિયાને જોવાનો ઈમાનદાર પ્રયત્ન કરો.'આ બધી વાતો જો હૃદયના ઊંડાણમાંથી, કોઈ પણ સ્વાર્થ વગર આવે તો એ આપણા સંસ્કાર છે, આપણી અમીરાત છે. પણ જો એ માત્ર કોઈ મોટો કોન્ટ્રાકટ પાસ કરાવવા, ઓફિસમાં પ્રમોશન મેળવવા, વકરો વધારવા કે કોઈ પ્રોજેકટનું બજેટ મંજૂર કરાવવા માટે પ્લાનિંગપૂર્વક કરવામાં આવે તો એ માત્ર એક 'બનાવટી મહોરૂ' બની જાય છે.

આજે આપણે જોઈએ છીએ કે લોકો ઓફિસોમાં કે સામાજિક વહેવારમાં સામે મળે ત્યારે બહુ મીઠું હસે છે, તમારૂ નામ યાદ રાખીને ગદગદ થઈ જાય છે, પણ એ સ્મિતની પાછળ કોઈ હૂંફ નથી હોતી, માત્ર એક ગણતરી હોય છે. આપણે આપણી કારકિર્દીના એ શરૂઆતના દિવસોની નિર્દોષતા ગુમાવીને એક એવા વ્યાપારી યુગમાં આવી ગયા છીએ, જયાં સંબંધોનું પણ બજેટિંગ થાય છે ! 'આ માણસ મને ભવિષ્યમાં કયાં અને કેટલો કામ લાગશે ? 'એ ગણતરી કરીને જ લોકો હવે ભાઈબંધીના હાથ લંબાવે છે. ડેલ કાર્નેગીનો અસલી આશય માણસને અંદરથી સારો, સંવેદનશીલ અને પ્રોબ્લેમ - સોલ્વર બનાવવાનો હતો, પણ આજના જમાનાએ એ પુસ્તકને માત્ર એક 'સેલ્સટેકનિક' ( વેચાણની ચતુરાઈ ) બનાવી દીધી છે. કોઈના વખાણ કરવા એ સારી બાબત છે, પણ જયારે એ વખાણ પાછળ સ્વાર્થ છુપાયેલો હોય ત્યારે તેને સાહિત્યની ભાષામાં 'ખામોશ ખુશામત' કહેવાય, જે સામેવાળાને પણ સમજાઈ જ જાય છે.




ઓફલાઈન હૃદય અને ઓનલાઈન પ્રભાવ

આજે સોશિયલ મીડિયા પર લોકોના હજારો 'ફોલોઅર્સ' અને 'ફ્રેન્ડસ' છે. લોકો ઈન્ટરનેટ પર પોતાનો પ્રભાવ ( Influence ) પાડવા માટે આખો દિવસ મહેનત કરે છે અને પ્રોફાઈલ સજાવે છે. પણ સાચું પૂછો તો, જયારે જિંદગીમાં ખરેખર કોઈ મોટો વંટોળ આવે ત્યારે એ ડિજિટલ લાઈકસ આપવા વાળ ામાંથી કેટલા માણસો આપણી પડખે આવીને ઊભા રહે છે ? જો આપણી પાસે હૃદયપૂર્વક વાત કરી શકે અને મોઢું જોઈને મન વાંચી શકે એવો એક પણ સાચો ભાઈબંધ ન હોય, તો ડેલ કાર્નેગીની આખી ચોપડી મોઢે હોય તોય આપણી જીત અધૂરી છે.

બોલિવૂડની ફિલ્મ ' તમાશા' માં જેમ બતાવ્યું હતું તેમ માણસ દુનિયાને બતાવવા અને સફળ દેખાવા માટે બહારથી એક નકલી ચહેરો પહેરી લે છે, પણ અંદરથી એનો અસલી સ્વભાવ, એની સાહજિકતા કયાંક ગૂંગળાઈ જાય છે. સફળતા ભલે ગમે તેટલી મોટી મળે સાહેબ, પદ કે પ્રતિષ્ઠા ભલે ગમે તેટલા ઊંચા હોય, પણ જો એ સફળ તાના શિખરે પહોંચ્યા પછી પણ તમારી પાસે કોઈ નકલીગણતરી વગર પ્રેમ કરનારા માણસો ન હોય, તો એ સફળતા ખરેખર એકાંતવાસ જેવી જ લાગે છે.

**પુસ્તકના જ્ઞાનથી પર થઈને સાચા સંબંધો કેળવવાના ૪ સૂત્રો :**

**૧. ખુશામત નહીં, સાચી કદર કરો :** કોઈના વખાણ માત્ર એનું દિલ જીતવા કે કામ કઢાવવા માટે ન કરો. જો કોઈ વ્યક્તિએ ખરેખર સારૂ કામ કર્યુ હોય, તો વગર સ્વાર્થે એની કદર કરો. હૃદયમાંથી નીકળેલા શબ્દો સામેવાળાને તરત વંચાઈ જાય છે.

૨. માણસમાં સાચો રસ દાખવો : જયારે તમે કોઈને મળો, ત્યારે તમારો પડછાયો એટલે કે તમારો મોબાઈલ બાજુ પર મૂકીને તેની વાત શાંતિથી સાંભળો. એના જીવનની સુખ - દુઃખની વાતોમાં માત્ર એપચારિકતા ખાતર નહીં, પણ એક માણસ તરીકે સાચો રસ દાખવો. સાંભળવું એ જ દુનિયાનું સેથી મોટું સન્માન છે.

**૩. ચહેરા પરથી મહોરૂં હટાવો :** કારકિર્દીમાં વ્યાવસાયિક હોવું જરૂરી છે, પણ સંબંધોમાં પ્રોફેશનલ ન થવાય. જયાં ભૂલ થાય ત્યાં અહંકાર છોડીને સાચા મનથી માફી માંગી લો. નકલી સજ્જનતા કરતાં અસલી સાધારણતા અને સ્પષ્ટતા વધુ આદરણીય છે.

**૪. યુવાનીની એ નિર્દોષતા યાદ કરો :** કયારેક કારકિર્દીના એ શરૂઆતના દિવસોને યાદ કરો જયારે આપણી પાસે ગણતરીઓ ઓછી અને લાગણીઓ વધુ હતી. જિંદગીના ગણિતમાં જયારે સાહજિકતા ઉમેરાય છે, ત્યારે સંબંધો કયારેય લીક નથી થતા.

જિંદગી બહુ ટૂંકી છે સાહેબ, પુસ્તકો આપણને રસ્તો બતાવી શકે, પણ એ રસ્તા પર ચાલવું કેવી રીતે એ તો આપણા સંસ્કાર જ નક્કી કરે છે. 'મિત્રો બનાવો અને પ્રભાવશાળી બનો' પુસ્તક ચોક્કસ વાંચવા જેવુ છે, પણ એમાંથી માત્ર 'પ્રભાવ' પાડવાની રીતો શીખવા કરતાં 'માણસાઈ' ના મૂલ્યો આચરણમાં મૂકવા વધુ જરૂરી છે. જયારે તમે અંદરથી મજબૂત અને સાચા હશો, ત્યારે લોકો આપો આપ તમારા પ્રભાવમાં આવશે. અને એટલે જ, આપણી કારકિર્દીના એ શરૂઆતના સંઘર્ષના દિવસોમાં જે મોટિવેશન આપણને ટકાવી રાખતું હતું, તે આ લોકપ્રિય પંક્તિઓમાં વણાયેલું છે :

'સફર મેં ધૂપ તો હોગી, જો ચલ સકો તો ચલો,
સભી હૈ ભીડ મેં, તુમ ભી નિકલ સકો તો ચલો ;
કિસી કે વાસ્તે રાહેં કહાં બદલતી હૈ,
તુમ અપને આપ કો ખુદ હી બદલ સકો તો ચલો !'

# ।। રામ કૃપાલ નિષાદ્‌ નિચાજા, પરિજન પ્રજા ચહિય જસ રાજા ।।

આ રીતને પત્ર આવતા તબિયત વિશે વિશેષ ચિંતા થતી. જે કે જયારે ગામનું નામ તેમ જ રહેવાનું સ્થળ જણાવતા ત્યારે આડકતરી રીતે બેલાવવાને ઈશારે રહેતો પરંતુ એવી સમજ ન હતી. બહુ દૂર હોવાથી કેવી રીતે પહોંચી શકાય.આ વિચારોથી જવાની ઈચ્છા હેવા છતાં પણ બેસી રહેતી અને કયારે જલ્દીથી દર્શન થાય તે માટે પ્રભુપ્રાર્થના કરતી.

ભગવાને પ્રાર્થનાની પદ્ધતિ પણ બતાવેલી. રેજ રાત્રે સૂતા પહેલાં પ્રભુપ્રાર્થના કરવાની.

હે પ્રભુ, કરૂણામય ભગવાન, આજ કે દિવસ પર્યંત જે કુછ અસત્ય ત્યાં અયોગ્ય કર્મ હુઆ હૈ ઉસકે લિયે ક્ષમા માંગતી હું. મુઝે ઐસી બુદ્ધિ એર શક્તિ દે કિ અબ ભવિષ્યમેં કેઈ ભી ઐસે કર્મ મુઝસે ન હેને પાવે. બુદ્ધિદાતા તે તું હી હૈ. પ્રભુ ! તું હી હમારી રક્ષા કરના એર ઐસે કમેસે સદૈવ દૂર રખના.

આખા દિવસની પિતાની દિનચર્યા મનેમન તપાસી જે કેઈ સારૂં કર્મ થયું હેય તે તે પ્રભુને નમ્ર પણે અર્પણ કરવાનું જેથી અહંમથી બચી જવાય.

હે પ્રભુ ! આજ યહ જે કુછ સતકર્મ કરનેકા નિમિત્ત મેં બની હું વહ તેરી હી કૃપાકા ફલ હૈ જે મેં તુજે અર્પણ કરતી હું. સદૈવ અસે હી સતકાર્ય કે નિમિત્તે બનાના. જીવ કે લિયે તેરી કૃપા કે બિનાયહ અસંભવ હૈ.

આ રીતે રેજ સવારે પણ ઉઠતાંની સાથે પ્રભુ પ્રાર્થના કરવાની.

હે દયાલુ, દીનબંધુ ! આજ શુભમંગલ પ્રભાતમેં તુને મુઝે જગાયા હૈ, પૂરે દિન તું હી સબુદ્ધિ દેકર મુઝે સતકાર્ય કે નિમિત્તે બનાને એર તેરે હી ચરણેમેં મેરા પ્રેમ બના રહે એર તેરે હ સ્મરણ રહે.

ભગવાન કહેતા, રેજ પ્રાત : એર રાત્રિકે ઐસે પ્રાર્થના કરેગે તે અવશ્ય જીવન બદલ જાયગા. કેકિ અપને રેજિદે જીવનમેં કેઈ ભી અયોગ્ય કાર્ય કરનેકા પ્રસંગ આયગે તે સુક જાઓગે એર પ્રાર્થનામેં બલ હૈ ફિર રાતકી પ્રાર્થના મેં હિસાબ ભી દેના પડેગા આ રીતે નિત્ય આત્મચિંતન કરવા કહેતા.

**।। રામદ્રરશ લાલસા ઉછાહૂ, પથશ્રમ લેશ કલેશ ન કાહૂ ।।**

આ સિવાય નવગ્રહના પ્રસંગ વખતે ભગવાને બતાવેલ પ્રાર્થના રેજ કરવાની રહેતી. કેઈવિાર હું સાથે રહેવા ઈચ્છા રાખતી અને પિતાની પાસેથી મને જયપુર મેંકલતા ત્યારે હંમેશા એકાંતમે જાતા હું એમ કહેતા. તે વખતે હું બેલી જતી, ભગવાન, મેરે સે હી એકાંતમેં ના ? કારણ પછી કેઈને કેઈ સાથે હેવાનું જાણવા મળતું જ. જવાબમાં કહેતા કે, રમા, તુમ્હેં જયપુર ભેજતા હું તે મુઝે ચિંતા નહીં રહતી હૈ કિ તુમારા જીવન ઠીક લાઈન પર ચલ રહા હૈ એર ઉન્હેં





**પ.પૂ. રણછોડદાસજી મહારાજ (પૂ.ગુરૂદેવ)**

**સંપાદક : મહેન્દ્ર સી.જોષી**
મો.૯૪૨૬૨૪ ૫૦૭૫૪૦ (નિવૃત કેળવણી નિરીક્ષક)
સૌજન્યઃ પ.પૂ.કુ.રમાબેન પુરૂષોતમભાઈ હરિયાણી
(અહૈતુક કૃપા–પુસ્તકમાંથી)



ઘર ભેજનેમેં ડર રહતા હૈ ત્યારે એક વાર મેં કહેલું, ભગવાન, યદિ આપકે સાથ રહને કે મિલે તે મેં ભી લાઈનિકે બહાર હો જાઉં. તે વખતે લાઈનિથી બહારને ખરે અર્થ શું તે ખબર ન હતી. એટલી જ સમજણુ હતી કે લાઈનથી બહાર એટલે ભગવાને બતાવ્યા પ્રમાણે નિયમ ભજન ન કરવા તે. મારા શબ્દે સાંભળતા ગુસ્સામાં દુ:ખી થઈ બેલ્યા, કયા બેલતી હે ? તુમહેં કુછ સમજ હે ? રમા, તુમસે ઐસી આશા નહીં રખી થી. આ સાંભળી ભગવાનને ચહેરે જેતાં એકદમ ગભરાઈ ગઈ અને મને એમ લાગ્યું કે હું કાંઈક અયોગ્ય બેલી છું. ફરી પંદર દિવસે ભગવાનને પત્ર આવ્યું.

**શ્રી રામચંદ્રાય નમઃ**
કાઠપડી, ૧–૨–૬૭

પ્રિય રમુ સાદર આસીસ,
સ્વાસ્થ સાધારણ હૈ રાહત કાર્ય કે લિયે બિહાર જાનેકા વિચાર હૈ એર થેડે દિનમેં નિકલ જાઉંગા સબકે આસીસ.
રણછોડદાસ

ફરી પંદર દિવસે બીજે પત્ર આવ્યે.૧૫–૨–૬૭
રમા, સા. આ.
મેરા સ્વાસ્થ ઠીક ઠીક હૈ
ભગવાનકા આજ પ્રાગટય દિવસ હૈ પ્રણામ કરના મેં બિહાર જ રહા હું વહાં જાકર પત્ર લિખૂગા નિરાશ નહૈના સબકે આસીસ કહના.
રણછોડદાસ

।। રામસનેશ સરસ મન જાસૂ, સાધુસમા વડ આદ્રર તાસૂ ।। (૭૪)

**કૃપાસિંધુ યહ અતિ ભલ કિન્હા :** આ દિવસેમાં બિહારમાં દુષ્કાળ હેવાથી ભગવાન રાહત કાર્ય ચાલુ કરવા માટે બિહાર પધાર્યા. ત્યાંથી પત્ર લખાવ્યો.

શ્રી સદગુરૂદેવ પરમાત્ને નમ : રંકા ૭–૩–૬૭
પ્રિય રમા,
સાદર આશીર્વાદ

મેરા સ્વાસ્થ ઠીક નહીં હૈ મેં કલ યહાં પહુંચા હૂં યહાં પૂર નેત્રયજ્ઞ ૨૮ સે શુરૂ હૈ રાહતકાર્ય ભી વહાં હેંગા ૧૬ સે આજ મેં અમદાવાદ જા રહા હું ૧૫ કે યહાં આ જાઉંગા.
યહાં કા પત્તા
શ્રી માનવ રાહત મંડલ બિહાર પોસ્ટ – રંકા છે. પલામુ,
વાયા – ગઢવા રેડ બિહાર.
સબકે આસીસ – રણુંછેડદાસ

આ પત્ર વાંચતા બિહાર જલ્દી જવાનું મન તે થયું પરંતુ મુંબઈથી મનહરભાઈના પત્ર દ્વારા જાણવા મળેલું કે ત્યાં પાણીની ઘણું કમી છે અને જરૂરી સ્વયંસેવકને ભગવાને બેલાવે તે રીતે જવાનું છે. વળી જયપુરથી ઘણું દૂર થાય તેથી વિચાર આવ્યે કે આટલે દૂર બેલાવ્યા વિના જાઉં અને નારાજ થાય તે ? તેથી બેલાવવાની રાહ જેતી હતી. બાપુજીને કારણસર મુંબઈ જવાનું થયું તેથી ગલતાજી હું એકલી જ જતી હતી. મેં સાંભળેલું કે સંધ્યા સમય પર ગલતાજી ગુફામાં વાઘ આવે છે તે તે સત્ય છે કે નહીં તે પણ એકવાર જેવું છે તેવી ભાવનાથી બપોરે ઘેરથી મેડી નીકળી અને સાંજે

**।। રામશપથ મૈ કીન્હ ન કાઉ, સો કરિ કહૌ સખી સતિમાઉ ।।**

અંધારૂં થતાં સુધી ગલતાજી ગુફામાં બેસી રહેલી પરંતુ મને વાઘ દેખા નહીં.

અંધારૂં થતાં ઘેર આવતી હતી ત્યારે મારી પાછળ પાછળ બે છોકરાઓ પણ આવતા હતા. તેમનું અયોગ્ય વર્તન જેઈ મને એમ કે તેઓ પાછળ આવી ઘર જેઈ લેશે તેથી ગલતાજીથી સીધી ગેવિંદજીના મંદિરે દર્શને ગઈ જયપુર રહેવા ગઈ ત્યારથી આ મંદિરનું નામ સાંભળેલું પરંતુ કદી ગયેલી નહીં. આ મંદિરની વિશેષતામાં સાંભળવા મળેલું કે ત્યાં જઈ કેઈપણ વ્યક્તિ જે કાંઈ ઈચ્છા કરે તે પૂરી થાય છે. તે પ્રમાણે મંદિરમાં જઈ ગેવિંદજીને પ્રાર્થના કરી. એવી કૃપા કરે કે મારા ભગવાન મને પિતાની પાસે જલ્દી બેલાવે. ત્યાં આરતીને સમય હેવાથી ઘણું ભીડ હતી. ત્યાંથી નીકળી ઝડપભેર ઘેર પહોંચી. ઘેર પહેચતા પાછળ જેયું તેં પેલા છોકરાએ મારી પાછળ જ હતા તેથી વિચાર આવ્યો કે આ લેકેએ ઘર જેઈ લીધું તે ઠીક નથી. જે કે મારે દર ગુરૂવારે ગલતાછ જવા સિવાય ઘરની સીડી પણ ઉતરવાની રહેતી નહીં. તે દિવસે રાત્રે ઉંઘ આવી નહીં અને મનમાં એક જ ઈચ્છા હતી કે જલ્દી ભગવાન પાસે જવા મળે. બીજા દિવસે બાપુજી મુંબઈથી આવી ગયા. અને મારે બિહાર જવાનું બાપુજીની સંમતિથી નક્કી થયું. જયપુરથી દિલ્હી થઈને દેહરી ઔનસૌનથી ગઢવા રેડ ત્રીજા દિવસે રાતના સાડા ત્રણ વાગે પહોંચી. વેઈટીંગ રૂમમાં સ્નાનાદિથી પરવારી સવારે પાંચ વાગ્યાની બસથી રંકા જવા નીકળી બેલાવ્યા વિના ગઈ હેવાથી નારાજગીને ડર હતે પરંતુ બાપુજીએ કહેલું કે ભગવાનની આજ્ઞા હેય અને સગવડ હોય તે રહેજે નહીં તે દર્શન કરી આવતી રહેજે.સવારે સાત વાગે રંકા પહોંચી. કેમ્પમાં જતા દરવાજાની સામેના જ હેલમાં પ્રાર્થના થતી હતી. ભગવાન બિરાજતા હતા. પ્રણામ કરવા જવાને ડર લાગતે હતે. એમ થતું હતું કે ગુસ્સે થઈ પૂછશે, કે આઈ ? આવા વિચારેથી પ્રણામ કરવા જતા દૂરથી જ મને જેઈ હસ્યા તેથી હિંમત આવી પ્રણામ કરતાં કહ્યું, અરે તુમ આ ગઈ ? મેરા પત્ર તુમકે નહીં મિલા લગતા હૈ । મેં ના કહી તે કહ્યું, કૈસે આઈ ? બધી વિગત જાણુને કહ્યું, બરાબર વેં હી રાસ્તા હૈ। પ્રાર્થના પૂરી.

# *।। પંચવટી વસાહત... એક વિજ્ઞાન ।।*

આપણા દેશમાં દરેક તહેવાર અને ધાર્મીક પ્રસંગોમાં કોઇ વિશેષ વનસ્પતીનું મહત્વ રહેલુ છે. શ્રાવણ માસમાં શીવજી ઉપર બીલી ચડાવવા, ભાદરવી અમાસે પીપળે પાણી રેડવું, ગણેશ ચતુર્થી માં ધરો ચડાવવો, શુભ પ્રસંગે ઘરે આસોપાલવનું તોરણ બાંધવુ.. આ બધુ ફક્ત ધાર્મીક રીવાજો છે કે તેનું કોઇ વૈજ્ઞાનિક મહત્વ છે ?

આપણે જાણીએ છીએ કે ભગવાન રામને જયારે વનવાસ થયો ત્યારે સીતામાતા અને લક્ષ્મણ સાથે પંચવટીમાં વસવાટ કર્યો હતો, ભગવાને જયા વસવાટ કર્યોએ જગ્યા વિશિષ્ટ તો હોય જ, તો આવો જાણીએ પંચવટી એટલે શું ?

સિધ્ધિઓ અને બ્રહ્માંડની પ્રચંડ શક્તિ ઉર્જા પ્રાપ્ત કરવા માટે ઋષીમુનીઓએ પંચવટી વસાહતનું દિવ્ય વિજ્ઞાન આપ્યુ છે. પંચવટી એટલે પાંચ વૃક્ષોનો સમુહ, પંચવટીમાં વડ, બિલ્લી અને પીપળાને ચોક્કસ દિશામાં સ્થાપી અને હવાના પ્રવાહના માધ્યમથી ત્રણેય વૃક્ષોની ઉર્જાશક્તિનુ મિલન થાય છે અને એક દિવ્ય પુંજ રચાય છે. પીપળો સ્વંય નારાયણનું વૃક્ષ છે. વડ બ્રહ્માનું વૃક્ષ અને બિલી શીવનું વૃક્ષ હોવાનું મનાય છે. ત્રણેયનું એક સ્વરૂપ ત્રિપુર સુંદરી, ચોક્કસ મુર્હત પર સુર્ય ઉર્જા અને ભુમિઉર્જાના સંયુક્ત સંયોજનની સાથે પંચાયતન દેવની એક રૂપ દિવ્ય ઉર્જામાં કરેલો કોઇપણ મંત્ર પાઠ, અનુષ્ઠાન, યજ્ઞ, પુજાપાઠ, વિધિ – વિધાન તરત જ ફળ દાયી નિવડે છે. એટલે આપણા મહાન ઋષિમુનીઓ પંચવટીનું નિર્માણ કરી પુજા કરતા હતા. પ્રકુતિની ઉપાસનામાં જ જીવનના દરેક સમસ્યાનો ઉકેલ સમાયેલો છે. હિંદુ સનાતન ધર્મ મુખ્યત્વે પ્રકુતિ અને તેના તત્વ દેવતા ક્રમશ : મહાગણપતી, શક્તિ, નારાયણ, સુર્ય અને શિવ આ પંચાયતન પંચદેવોની પુજા જ આર્યસંસ્કુતિ છે.

સામાન્ય રીતે લોકો એવું માને છે કે કોઇપણ પાંચ ઘટાદાર વૃક્ષો એટલે પંચવટી, પરંતુ વાસ્તવમાં ચોક્કસ માપ, નિશ્ચિત દિશા પર વૃક્ષારોપણ કરવાથી તેમજ હવાઓની દિશામાંથી આ વૃક્ષની મધ્યમાં આવનાર હવાના મિશ્રણથી જેનાથી અલૌકીક દિવ્ય વાતાવરણ પ્રસ્થાપિત કરવાનું વિજ્ઞાન એટલે પંચવટી. વડ, પીપળો, બિલી, આમળા અને અશોક આ પાંચ વૃક્ષોના સમુહને પંચવટી કહે છે. તેની સ્થાપના પાંચ દિશાઓમાં કરવી જોઇએ. પીપળો પુર્વ દિશામાં, આમળા દક્ષીણ દિશામાં, વડ પશ્ચિમ દિશામાં, બિલી ઉતર દિશામાં તપસ્યા માટે સ્થાપના કરવી જોઇએ.




વૃક્ષ વાવ્યાના પાંચ વર્ષ પછી મધ્યસ્થાન પર હાથથી સુંદર વેદીની સ્થાપના કરવી જોઇએ.




આ વેદી અનન્ય ફળ પ્રદાન કરે છે. જો વૃક્ષ વાવવા માટે અધિક જગ્યા પર્યાપ્ત હોય તો બ્રુહદ પંચવટીની સ્થાપના કરી શકાય. સર્વ પ્રથમ કેન્દ્રની ચારે બાજુ પાંચ મીટર ત્રિજીયા, દસ મીટર ત્રિજીયા, વીસ મીટર ત્રિજીયા, પચીસ મીટર ત્રિજીયા અને ત્રિસ મીટર ત્રિજીયા એવો પાંચ વ્રુત(વર્તુળ ) બનાવો. અંદરની પ્રથમ પાંચ મીટર ત્રિજીયાના વર્તુળની અંદર ચારેય દિશાઓ ઉતર, દક્ષીણ, પુર્વ, પશ્ચિમમાં બીલીનં વક્ષ વાવવં. ત્યારબાદ દશ મીટરત્રિજીયાના દ્વિતીય વર્તુળ પર ચારેય ખુણામાં વાયવ્ય, અગ્નિ, ઈશાન અને નૈઋત્ય પર ચાર વડના ઝાડની રોપણી કરવી. વીસ મીટર ત્રિજીયા દ્વિતીય વર્તુળના પરિઘ પર સમાન અંતરે (લગભગ પાંચ મીટર) ૨૫ અશોક વૃક્ષની રોપણી કરવી. ચોથો વર્તુળ જેની ત્રિજીયા પચીસ મીટર છે તેના પરિઘ પર દક્ષિણ દિશામાં બન્ને બાજુ આમળાના બે વૃક્ષનું રોપણ કરવું. આમળાના બન્ને વૃક્ષની પરસ્પર અંતર દશ મીટર રાખવું.પાંચમા અને છેલ્લા ત્રીસ મીટરના વર્તુળના પરિધની ચારેય દિશામાં પીપળાના ચાર વૃક્ષનું રોપણ કરવું. આ પ્રકારે કુલ ૩૯ વૃક્ષની રોપણી થશે. જેમાં ૪ વૃક્ષ બિલી, ૨૫ વૃક્ષ અશોકના, ૨ વૃક્ષ આમળા અને ૪ વૃક્ષ પીપળાના થશે. આ પાંચ વૃક્ષમાં અદ્વિતીય ઔષધીય ગુણો રહેલા છે. આમળામાં પ્રચુર માત્રામાં વિટામીન સી હોય છે, જે રોગપ્રતિકારક શક્તિ વધારે છે. વડનું દુધ બળ પ્રદ છે. તેના પ્રતિદિન ઉપયોગથી કાયાકલ્પ થઇ શકે છે. પીપળાનું વૃક્ષ લોહીના વિકારો દુર કરવામાં, દુખાવામાં અને સોજો મટાડનાર છે. બીલી પેટના રોગોમાં અકસીર છે. અશોક વૃક્ષ સ્ત્રી સબંધીત રોગોમાં લાભદાયી છે.

આ વૃક્ષ સમુહમાં ફળ પાકવાનો સમય અલગ – અલગ હોવાથી આખા વર્ષ દરમ્યાન કોઇને કોઇ વૃક્ષ પર ફળઆવતા જ રહે છે. જેથી પક્ષીઓને બારેમાસ ખોરાક મળી રહે છે. તેમજ સ્વાસ્થ્ય સબંધી. સમસ્યામાં ઉપયોગ સરળતાથી કરી શકાય છે. જેમકે ગરમીની ઋતુમાં પાચન સબંધી સમસ્યા વધુ હોય છે જેથી ત્યારે બીલી ઉપયોગી નીવડે છે. વર્ષાઋતુમાં ચામડીના રોગ વધુ જોવા મળે છે તે દરમ્યાન અશોકના ફળ ઉપયોગી થાય છે. શીયાળાની ઋતુમાં ઠંડી હોવાથી વિટામીન સી યુક્ત આમળાનું ફળ ઉપયોગી થાય છે.

**પર્યાવરણની રીતે મહત્વ :** વડનું ઝાડ વિશાળ




હોવાથી ઘાટો છાયો પુરો પાડે છે.ગરમીના દિવસોમાં જયારે મધ્યાહનનો તડકો સીધો સુર્યપ્રકાશ ફેકે છે ત્યારે આ પંચવટી ક્ષેત્રના પશ્ચિમ દિશામાં રહેલું વડનું વિશાળ વૃક્ષ વાતાવરણને ઠંડુ રાખે છે. પીપળો પ્રદુષણ શોષીને પ્રાણવાયુ ઉત્પન્ન કરે છે. અશોક સદાબહાર વૃક્ષ છે. જેથી તેના પાન બારેમાસ લીલાછમ રહે છે અને છાંયો મળી રહે છે. બીલીના પાન તેનું લાકડું ફળ અને તૈલી ગ્રંથીઓ હોય છે જે વાતાવરણને સુગંધીત કરે છે. આથમણી અને ઉગમણી દિશાઓમાંથી આવતી હવાની તેજ લહેરખીઓ તેમજ વંટોળ વખતે પુર્વ અને પશ્ચિમ દિશામાં રહેલો પીપળો અને વડ વાતાવરણની ધુળ શોષી લે છે અને પર્યાવરણ શુધ્ધ કરે છે.

**ધાર્મીક મહત્વ :** બીલી વૃક્ષમાં ભગવાન શંકરનું નિવાસ સ્થાન માનવામાં આવે છે. પીપળના વૃક્ષમાં ભગવાન વિષ્ણુ અને વડના વૃક્ષમાં બ્રહ્માનો નિવાસ હોવાનું મનાય છે. આ રીતે ત્રિદેવ બ્રહ્મા, વિષ્ણુ, મહેશનો પંચવટીમા નિવાસ હોય છે જેથી એક જ સ્થળ પર ત્રિદેવોની પુજાનો લાભ મળે છે. **જૈવ – વિવિધતા સંરક્ષણ :** પંચવટીમાં આખા વર્ષ દરમ્યાન ફળ ઉપલબ્ધ હોવાથી જીવજંતુને ભોજન મળતું રહેતું હોવાથી તેનો સ્થાયી નિવાસ થઇ જાય છે. પીપળો અને વડના ઝાડના થડ, લાકડા કોમળ હોવાથી પક્ષીઓ આસાનીથી માળા બનાવી શકે છે. ખાસ કરીને વિશ્વની મહાસતા બનવાની દોડમાં કહેવાતા વિકાસશીલ દેશોએ પ્રકૃતિની ઘોર ખોદી નાખી છે, જયારે કોઈપણ વ્યક્તિ, સમાજ કે દેશ પ્રજ્ઞાપરાધથી સારા – નરસાનો ભેદ ભૂલી જાય છે અને પ્રકૃતિ વિરૂદ્ધનું વર્તન કરે છે જેમ કે ન ખાવાનું (સાપ, ચામાચિડિયા, ઉંદર, ગર્ભ ભ્રુણ ) ખાય છે, પોતાના સ્વાર્થને લીધે બીજાનું અસ્તિત્વ સમાપ્ત કરતા પણ અચકાય નહિ અને જૈવીક (biological), રાસાયણિક (chemical) હથિયારો બનાવી પંચમહાભૂત (આકાશ,વાયુ, જળ, પૃથ્વી અને અગ્ની)ને દુષિત કરી પૃથ્વીનું સંતુલન બગાડી નાખે છે અને જેના પરિણામે આવા કોરોના જેવા વાયરસ તેનો ફેલાવો કરે છે. આજે પણ આવા એકપણ વાયરસનું ઉત્પત્તિ સ્થાન ભારત રહ્યું નથી કારણ આપણે વસુધૈવકુટુમ્બકમ (આખી પૃથ્વી મારૂં કુટુંબ છે)ની સંસ્કૃતિમાં માનીએ છીએ. અરે માણસ જ નહિ જીવ માત્રમાં દયાભાવ અને તેનું અસ્તિત્વ ટકી રહે તેવા પ્રયત્ન કરીએ છીએ, તુલસી કયારે આપણે સવાર – સાંજ ઘી નો દીવો એટલે જ કરીએ છીએ કે વાતાવરણમાં એવા કેટલાય સુક્ષ્મ જીવો હોય છે જે વાતાવરણને શુદ્ધ બનાવતા હોય છે અને કોરોના જેવા વાયરસ સામે રક્ષણ આપતા હોય છે આ સુક્ષ્મ જીવોનાં અસ્તિત્વ માટે ઘીના દીવામાંથી નીકળતી ધુમ્રસર આ જીવનું પોષણ કરે છે.. કીડી જેવા જીવનું પણ મહત્વ સમજી કિડીયારૂં પૂરનારો આ દેશ કોઇપણ વિકટ પરિસ્થિતિમાં મુંજાય નહિ.

# ‘સમજણ એ જ નારાયણ’

## ‘‘તું રીઝ એવી એક ચબરખી લખું, એટલું કયાં અમારૂં ભણતર છે’’– અદમ ટંકારવી

પદ્મશ્રી શાહબુદીન ભાઈ એક દષ્ટાંત આપે છે કે : એક વ્યકિતને અમુક લોકો અવારનવાર ખોટા સીકકા આપી જતાં, પણ આ વ્યકિત આ બાબતે કયારેય કોઈની સાથે તકરાર ન કરતી આ સીકકો ખોટો છે, ચલણમાં નથી, બજારમાં આ સીકકાની કોઈ કિંમત નહીં આવે, તે કાયમ મૂંગા મોઢે પણ આ સીકકાઓ સ્વીકારી લેતાં પછી ધીમે ધીમે તેની ઉંમર અવસ્થા પૂરી થવાનો સમય નજીક આવી જાય છે, મૃત્યુની નજીક જ ઊભેલા આ માણસ ભગવાનને પ્રાર્થના કરે છે કે હે પ્રભુ ! મેં જીવનભર ખોટા સીકકાઓ અપનાવ્યા છે, કોઈને પણ નારાજ નથી કર્યા આજે તારા દરબારમાં મારા જેવો ખોટો સીકકો આવી રહ્યો છે, તો તું પણ તેને અપનાવી લેજે ! આમ છેલ્લી પ્રાર્થના કરીને આ માણસ દેહ ત્યાગી દે છે !

પરમાત્મા તો ખૂબ દયાળુ છે, કરૂણાનાં સાગર છે,



**યોગેશ ભટ્ટ**
(બી.એ.એલ.એલ.બી)
મો. ૯૯૨૪૦૧૩૪૬૪ – અમરેલી

સમગ્ર સૃષ્ટિનાં રચનારા અને ચલાવનારા આ સુપ્રિમ પાવર પાસે એક તુચ્છ માણસ તરીકે આપણું શું ગજું ? કીડીને કણથી લઈને હાથીને મણ સુધીની વ્યવસ્થા કરનારા, માણસનાં જન્મ સમયે માતાનાં ઊદરમાંથી લઈને જીવનનાં છેલ્લા પડાવ સુધી તે આપણું કેટલું ધ્યાન રાખતાં રહે છે, જેની નજરમાંથી કયારેય એનું કશું ચૂકાય નહીં તેવા સમર્થ ધણી આગળ આપણી પંડીતાઈ (કે વાયડાઈ !)ની શું વિસાત ? જેમની મહિમા ગાવા કે પારખવામાં સ્વયમ ઋષિમુનીઓ પણ નતમસ્તક રહે છે, એવા અખીલ બ્રહ્માંડનાં સર્જનહારને સમજવા, ઓળખવા માટે આપણે જયારે પાંગળા, પામર જ ગણાય. ત્યારે તેમને રાજી રાખવા તો કેટલું સહજ સરળ અને સ્પષ્ટ થવું પડે ! જેમને પામવા માટે સંતો–મહંતો, ઋષિઓ, તપસ્વીઓ, દેવો, ગંધર્વો, કીન્નરો અનેક જપ, તપ, યોગ, ધ્યાન અને સાધના કરતાં રહે છે, છતાં પામી શકતા નથી એ જ ચૌદ ભુવનનો નાથ ગોકુળમાં નંદબાવાના નેસડે, ઊઘાડા પગે, ધૂળમાં ખેતરોમાં રમે, વાસીદા કરે, માખણ ચોરે અને લીલાઓ કરે તેની પાછળનું એક મહત્ત્વનું કારણ એ પ્રજાની નિઃસ્વાર્થ લાગણીઓ, અપાર, પ્રેમ, અખૂટ ભરોસો પણ છે ! જ્ઞાનનાં પ્રવાહ થંભે, ત્યાંથી તો પૂર્ણ પ્રેમની શરૂઆત થતી હોય છે, નિષ્ટકપટ હોવું એટલે જ પ્રભુનું હોવું આ વણલખ્યો નિયમ છે, પ્રભુને રાજી કરવાની પાયાની શરત છે !

**: તાંદુલ :**
**ભગવાનને માનો છો, તો ભગવાનનું પણ માનો !**

# ઘરેથી શરૂ કરેલો નાનો વ્યવસાય આજે મહિલાઓ માટે પ્રેરણા સ્ત્રોત બન્યો



અમરેલી શહેરમાં રહેતા વિરાજબેન રાજેશભાઈ વ્યાસે પોતાની મહેનત, આત્મ વિશ્વાસ અને સતત પ્રયત્નોથી કાપડ, ડ્રેસ અને સાડીના વ્યવસાયમાં અનોખી ઓળખ ઉભી કરી છે. ૪૨ વર્ષની ઉમર ધરાવતા વિરાજબેન ગ્રેજયુએટ અભ્યાસ પૂર્ણ કર્યા બાદ પરિવાર સાથે સંકળાઈને સ્વરોજગાર તરફ આગળ વધ્યા હતા.

વર્ષ ૨૦૧૭થી તેમણે નાના પાયે કપડાં અને સાડી વેચાણનો વ્યવસાય શરૂ કર્યો હતો, જે આજે શહેરની મહિલાઓ માટે વિશ્વાસનું કેન્દ્ર બની ગયો છે.

વિરાજબેન જણાવે છે કે શરૂઆતના દિવસોમાં ખૂબ ઓછું । વેચાણ થતું હતું. મહિને અંદાજે માત્ર ૫ થી ૮ ડ્રેસનું વેચાણ થતું હતું. અને તેમાં આશરે એક હજાર રૂપિયા જેટલો નફો મળતો હતો. પરંતુ તેમણે હિંમત હાર્યા વગર સતત મહેનત ચાલુ રાખી.ગ્રાહકો સાથે સારો વ્યવહાર, ગુણવત્તાસભર માલ અને યોગ્ય ભાવના કારણે ધીમે ધીમે લોકોનો વિશ્વાસ વધતો ગયો.

આજે તેમની પાસે દર મહિને અંદાજે ૩૦ જેટલા ડ્રેસ, ૧૦ જેટલી સાડીઓ તેમજ અન્ય કપડાંની વસ્તુઓનું વેચાણ થાય છે અને અંદાજે ૧૫ હજાર રૂપિયા સુધીનો નફો મળી રહે છે. રાજકોટ, અમદાવાદ સહિતના વિવિધ શહેરોમાંથી સાડી, ડ્રેસ મટિરિયલ અને ફેશન સંબંધિત વસ્તુઓની ખરીદી કરવામાં આવે છે. નવા ડિઝાઈન અને ગ્રાહકોની પસંદગી મુજબ વસ્તુઓ લાવવામાં આવતી હોવાથી મહિલાઓમાં તેમની દુકાન પ્રત્યે ખાસ આકર્ષણ જોવા મળે છે. ખાસ કરીને તહેવારો, લગ્ન પ્રસંગો અને સીઝનલ પ્રસંગોમાં ગ્રાહકોની સંખ્યા વધી જાય છે.

આ વિરાજબેન માત્ર વેપાર જ નથી કરતા પરંતુ મહિલાઓને આત્મનિર્ભર બનવા માટે પ્રેરણા પણ આપે છે. અમરેલી શહેરમાં સમયાંતરે તેઓ એકિઝબિશનનું આયોજન પણ કરે છે, જેમાં અનેક મહિલાઓ સહભાગી બને છે. આ એકિઝબિશન દ્વારાસ્થાનિક મહિલાઓને નવા ડિઝાઈન, કપડાં અને ઘર આધારિત વ્યવસાયની માહિતી મળે છે. સાથે સાથે અન્ય મહિલાઓને રોજગારી અને સ્વરોજગાર માટે પ્રોત્સાહન પણ મળે છે.તેમના આ પ્રયાસોથી આજે અનેક મહિલાઓ પ્રેરણા લઈ રહી છે. ઘરેથી શરૂ કરેલો નાનો વ્યવસાય આજે સફળતાની નવી ઓળખ બની ગયો છે અને વિરાજબેન જેવી મહિલાઓ સમાજમાં આત્મનિર્ભરતાનો સકારાત્મક સંદેશ આપી રહી છે.

કાર્યરત વિભાગો

મેડિકલેઈમ સુવિધા તથા GSRTC (ST) માન્ય હોસ્પિટલ

આયુષ્માન કાર્ડ અને PGVCL ના કર્મચારીઓ માટે કેશલેસ સારવાર ઉપલબ્ધ

યુરોલોજી વિભાગ (કિડની - પથરી - પ્રોસ્ટેટ) | ગાયનેક અને આઈ.વી.એફ વિભાગ (સ્ત્રી રોગ) | મેડીસીન વિભાગ (ફિઝિશિયન)
બાળરોગ વિભાગ (પીડીયાટ્રીક્સ) | આંખ વિભાગ | ઈ.એન.ટી વિભાગ (કાન-નાક-ગળા)
ઓર્થોપેડિક વિભાગ (હાડકા-સ્નાયુ-સાંધા) | જનરલ સર્જરી વિભાગ | ડાયાલિસીસ વિભાગ
લેબોરેટરી વિભાગ | આયુર્વેદ વિભાગ | ફિઝીયોથેરાપી વિભાગ

24/7 Emergency Services
GUVNL
NABH
PM-JAY

NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust - Amreli
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧ ગુજરાત.ફોન : (૦૨૭૯૨) ૨૨૦૯૨૦/૨૨૩૯૯૯
એપોઈન્ટમેન્ટ માટે 99789 66629


# રાજયનાં આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરીયાએ લાલ આંખ કરી

# ચમારડીમાં આરોગ્ય કેન્દ્રનાં નબળા બાંધકામને તોડી પડાયુ

**જનતા જનાર્દનનાં પરસેવાનાં પૈસાથી બનતા આરોગ્ય સબ સેન્ટરનાં બાંધકામમાં નબળી કામગીરી કરાતા કાર્યવાહી**

**આરોગ્ય વિભાગનાં જવાબદાર ઈજનેરને નોટિસ પાઠવી ખુલાશો પુછવામાં આવ્યો**

**આરોગ્ય મંત્રીની તોડી પાડવાની સુચનાથી નબળુ બાંધકામ હટાવી દેવાયુ**

**તમામ વિભાગનાં મંત્રીઓ ભ્રષ્ટાચાર સામે કાર્યવાહી કરે તો જ સમસ્યા દૂર થશે**



અમરેલી, તા. ૬

અમરેલી જિલ્લામાં વહીવટીતંત્રમાં ચાલતાં ભ્રષ્ટાચાર, અનિયમિતતા, નિષ્ક્રીયતા જેવા સેંકડો દુષણો વચ્ચે એક ઘરનાં હૈયે ટાઢક આપે તેવો કિસ્સો સામે આવ્યો છે. જેમાં આરોગ્ય સબ સેન્ટરનું મકાન બનાવવામાં દે ધનાધનની ફરિયાદ બાદ આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરીયાએ નબળુ બાંધકામ દૂર કરવાની સુચના આપીને બાંધકામ દૂર કરાવેલ.

અમરેલી જિલ્લાના બાબરા તાલુકુના ચમારડી ગામના આરોગ્ય કેન્દ્રના સબ સેન્ટરના નબળા બાંધકામ બદલ એન્જિનિયરને શો કાઝ નોટિસ પાઠવવામાં આવી છે. ચમારડીના સરપંચે સબ સેન્ટરના બાંધકામમાં ક્ષતિઓ અંગે પુરાવા સાથે લેખિત ફરિયાદ કરી હતી, જેના પગલે આરોગ્ય રાજયમંત્રી પ્રફુલ પાનસેરીયાએ ત્વરિત કાર્યવાહી કરી પ્રાથમિક તપાસના આદેશ આપ્યા હતા. તપાસ દરમિયાન બાંધકામની ગુણવત્તા નબળી જણાતા ફરજમાં બેદરકારી બદલ જવાબદાર એન્જિનિયર સામે કાર્યવાહી કરવામાં

**અનુસંધાન પાના ૨ ઉપર**


શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catcring service
શ્યામ કેટરર્સ
અરજણભાઈ પટેલ
મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ
મો. ૯૯૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શુધ્ધ ઘી માં તરબોળ ફ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી-૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫



Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨


## વર્ષ ૨૦૧૪ની સરખામણીએ ૨૦૨૬માં ભાવમાં તોતિંગ વધારો

## ભાજપ સરકારનાં શાસનમાં અસહય મોંઘવારીએ જનતા જનાર્દનની કમર તોડી નાખી : કોંગ્રેસ

**સરકાર તાત્કાલિક અસરથી ખાદ્ય પદાર્થોનાં ટેકસમાં ઘટાડો કરે**

અમદાવાદ, તા. ૬


કેન્દ્ર અને રાજયની ભાજપ સરકારની જનવિરોધી નીતિઓ અને આડેધડ આર્થિક સંચાલનના કારણે આજે દેશ અને ગુજરાતની જનતા મોંઘવારીના અસહ્ય બોજ હેઠળ દબાઈ ગઈ છે. "અચ્છે દિન" ના મોટા–મોટા પોકળ વાયદાઓ કરતી ભાજપ સરકાર પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડો. હિરેન બેન્કરે જણાવ્યું હતું કે ૧૨ વર્ષના કેન્દ્રના શાસનમાં સામાન્ય અને મધ્યમ વર્ગના પરિવારોનું જીવવું મુશ્કેલ બની ગયું છે. ૨૦૧૪ની સરખામણીએ આજે ૨૦૨૬માં જીવન જરૂરી તમામ ખાદ્ય ચીજવસ્તુઓ, દૂધ અને ઈંધણના ભાવો બે ગણાથી ત્રણ ગણા વધી ગયા છે, જે ભાજપ સરકારની સદંતર નિષ્ફળતા દર્શાવે છે. જે ગરીબોની થાળીનો મુખ્ય આધાર છે તે ચોખા, તેલ અને દાળ આજે સામાન્ય માણસની પહોંચથી દૂર થઈ ગયા છે. ભાજપ સરકાર મૂડી પતિઓને ફાયદો કરાવવા માટે સામાન્ય જનતાના ખિસ્સા ખંખેરી રહી છે. પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા તણાવ અને આંતરરાષ્ટ્રીય બહાના હેઠળ સરકારે જનતાને રાહત આપવાના બદલે જીવન જરૂરી વસ્તુઓ પર કંટ્રોલ લાવવાની મોટી મોટી વાતો માત્ર કાગળ છે, વાસ્તવિકતામાં મોંઘવારી નિયંત્રિત

**અનુસંધાન પાના ૨ ઉપર**

**પૂર્વ મંત્રી બાવકુભાઈની સીએમને રજૂઆત**

## અમરેલી જિલ્લામાં સી.એચ.ઓ.ની ૨૦ જગ્યા ખાલી હોય ભરવા માંગ

**જનઆરોગ્યનાં હિતમાં કાર્યવાહી કરવી જરૂરી**





અમરેલી, તા. ૬

પૂર્વમંત્રી બાવકુભાઈ ઉંઘાડે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, અમરેલી જિલ્લામાં નેશનલ હેલ્થ મીશન યોજના અંતર્ગત ડીસેમ્બર–૨૦૨૫ થી સી.એચ.ઓ.ની ૨૦ જગ્યા ખાલી હોય તો આ બાબતે ગ્રામ્ય વિસ્તારમાં જિલ્લામાં આરોગ્યલક્ષી કામગીરી થઈ શકે અને ગ્રામ્ય લોકોને પુરતો લાભ મળી શકે તે માટે આ જગ્યા ભરવી જરૂરી હોય. તો તાત્કાલીક કાર્યવાહી કરવા અંતમાં માંગ કરેલ છે.


Sheetal ICE CREAM
WE ARE HIRING
JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND
- Namkeen Sales HOD - 1 (1 to 3 Year experience in FMCG)
- Liaisonig Officer - 1
- Sales & Marketing Officer - 3 (Ice Cream / Milk / Snacks)
- Reporting Manager - 1
- Sales Co - Ordinator - 1
- Trainer - 1

Location :
Amreli, Gujarat.
hrscpl1987@gmail.com
+91 95109 59957
APPLY NOW



( જુના દરેક રીપોર્ટ સાથે લઈને આવવા )
નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨–૨૯૬૪૩૪
ડોકટર હાઉસ અમરેલી કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D.) | ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ધોડાસરા (M.S.) | ડો. દ્રષ્ટિ પંડયા (બીપીટી ફીઝીયોથેરાપીસ્ટ)
અનંતા હોસ્પિટલ, નિકોલ - અમદાવાદ - કાયમી કન્સલ્ટન્ટ
ડો. ઉત્સવ ઉનડકટ (ઈન્ટરવેન્શનલ કાર્ડિઓલોજીસ્ટ) મો. ૮૧૯૭૩ ૯૧૫૬૬
ડો. કોમલ વ્યાસ ઉનડકટ (ડી.એન.બી. - ગાયનેક, ઈન્ફર્ટીલીટી સ્પેશ્યાલીસ્ટ) મો. ૯૯૧૩૬ ૪૮૪૩૦



LG Life's Good.
Explore the new range of Single Door Refrigerators
Nature Series
SPRING
224 L (D23)
210 L (D22)
★★★★★
★★★
Available in:
Base Stand &
Non-Base Stand
Color options:
Wine Royal
LG BEST SHOP
મુકુંદરાય એન્ડ બધર્સ
કારકેર સેન્ટર સામે, ચક્કરગઢ રોડ, અમરેલી
Mo.94081 59606 / 99747 72377
VISIT LG BEST SHOP FOR ATTRACTIVE CASH BACK


*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)